કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૩ જૂન, ૨૦૨૪ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૫◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલિક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 97708◆ સંવત ૨૦૮૦ ◆જેઠ વદ-૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# દો બુંદ જીંદગી કે : સીએમ



**રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો :'બાળ લકવા નાબૂદી અભિયાન-૨૦૨૪' અન્વયે રાજ્યના ૦ થી ૫ વર્ષના ૮૩.૭૨ લાખ ભૂલકાઓને ટીપાં પીવડાવાશે : ૨૪ અને ૨૫ જૂન દરમિયાન હાઉસ ટુ હાઉસ ફરીને આરોગ્ય કર્મીઓ ટીપાં પીવડાવશે : ૧.૩૪ લાખ આરોગ્ય કર્મીઓ ૩૩,૫૦૦ બુથ દ્વારા પલ્સ પોલિયો અભિયાન હાથ ધરશે**

ગાંધીનગરઃ 'બાળ લકવા નાબૂદી અભિયાન-૨૦૨૪' અન્વયે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે ૨૩ જૂન ૨૦૨૪ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજે રાજ્યવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૭૨ હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન છે. આ હેતુસર ૧ લાખ ૩૩ હજાર ૯૫૬ આરોગ્ય કર્મીઓ સેવારત રહીને રાજ્યના ૩૩,૪૮૯ પોલિયો બુથ પરથી બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે.સમગ્ર રાજ્યમાં ૨૩ જૂન ૨૦૨૪ ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તારીખ ૨૪ અને ૨૫ જૂનના દિવસોએ આરોગ્ય કર્મીઓ હાઉસ ટુ હાઉસ ફરીને ૦ થી ૫ વર્ષના ભૂલકાઓને પોલિયો ટીપાં પીવડાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રી નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટરમાં ભૂલકાઓને પોલિયો રસીના ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રતિકાત્મક પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબહેન પટેલ, આરોગ્ય અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી અને ભૂલકાઓના માતા-પિતા તેમજ આરોગ્ય અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતાં.

## અવકાશમાં ઈસરોની હેટ્રિક! પુનઃઉપયોગી લોન્ચ વ્હીકલ 'પુષ્પક'નું સતત ત્રીજું સફળ લેન્ડિંગ




(એજન્સી દ્વારા)નવી દીલ્હી : ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એ સતત ત્રીજી વખત તેના પુનઃઉપયોગ કરી શકાય તેવા લોન્ચ વ્હીકલ-LEX-03 (RLV-LEX-03) 'પુષ્પ ક'નું સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને મોટી સફળતા હાંસલ કરી છે. પુનઃઉપયોગ કરી શકાય તેવા પ્રક્ષેપણ વાહનને ઉતરાણ કરવામાં સફળતા પ્રાપ્ત કર્યા પછી, હવે ISRO માટે 'પુષ્પક' ની ઓર્બિટલ રી-એન્ટ્રી ટેસ્ટ લેવાનો માર્ગ સાફ થઈ ગયો છે.ISROએ રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'પુષ્પક' એ પડકારજનક પરિસ્થિતિઓમાં અદ્યતન સ્વાયત્ત ક્ષમતાઓનું પ્રદર્શન કરીને ચોક્કસ આડું ઉતરાણ કર્યું છે.આ પરીક્ષણ બેંગલુરુથી લગભગ ૨૨૦ કિમી દૂર ચિત્રદુર્ગ જિલ્લાના ચલ્લાકેરે ખાતે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે કરવામાં આવ્યું હતું. ભારતીય વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટર દ્વારા પુષ્પકને ૪.૫ કિમીની ઉંચાઈ પર લઈ જવામાં આવ્યો હતો અને રનવે પર સ્વાયત્ત લેન્ડિંગ માટે છોડવામાં આવ્યો હતો. બીજા પ્રયોગ દરમિયાન, પુષ્પકને ૧૫૦ મીટરની ક્રોસ રેન્જમાંથી છોડવામાં આવ્યો હતો. આ વખતે ક્રોસ રેન્જ વધારીને ૫૦૦ મીટર કરવામાં આવી હતી. જ્યારે પુષ્પકને હેલિકોપ્ટરમાંથી છોડવામાં આવ્યો ત્યારે તેની લેન્ડિંગ વેલોસીટી ૩૨૦ કિમી પ્રતિ કલાકથી વધુ હતી. બ્રેક પેરાશૂટની મદદથી

અનુસંધાન પાના નં.૪ પર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું

અમદાવાદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના એચ. એલ. કોલેજ ઑફ કૉમરસ કેમ્પસ ખાતેથી 'મેસેન્જર્સ ઓન સાઈકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.'મેસેન્જર્સ ઓન સાઈકલ'નું આયોજન દસમી વખત થયું, જેમાં દિવ્યાંગોનો જુસ્સો વધારવા માટે સાઈકલીસ્ટસ અને રનર્સ મોટી સંખ્યામાં હોંશેહોંશે જોડાયા હતા. આ ઉપરાંત સામાન્ય લોકોને ડેફબ્લાઈન્ડનેસનો અનુભવ કરાવી જાગૃતિ વધારવા માટે



**હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન : દિવ્યાંગો, સાઇકલિસ્ટ અને રનર્સ દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા સતત દસમા વર્ષે સહભાગી બન્યા**

અહીં ખાસ ડેફબ્લાઈન્ડનેસ ઝોન પણ બનાવાયો હતો. આ રેલીમાં સાઈકલિસ્ટ માટે ૧૫ કિલોમીટર અને દોડવીરો માટે પાંચ કિલોમીટરનો રૂટ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સમગ્ર રૂટ પર પાણી, હાઈડ્રેશન તથા મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડિફબલાઈન્ડનેસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી સંસ્થા સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા કરવામાં

અનુસંધાન પાના નં.૪ પર

## પ્રજ્વલ રેવન્નાના ભાઈ સૂરજની ધરપકડઃ JDS કાર્યકરનું યૌન શોષણ કરવાનો આરોપ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : પ્રજ્વલ રેવન્નાના ભાઈની ધરપકડ JDS MLC સૂરજ રેવન્નાની અશ્લીલ વીડિયો કેસમાં ધરપકડ કરવામાં આવી છે. સૂરજ પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાનો ભાઈ છે જેના પર અનેક મહિલાઓના યૌન શોષણનો આરોપ છે. સૂરજ રેવન્ના પર શનિવારે કેટલાક દિવસો પહેલા પાર્ટીના એક કાર્યકર પર કથિત રીતે જાતીય શોષણનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.કર્ણાટકના પ્રખ્યાત સેક્સ સ્કેન્ડલ કેસમાં હવે મોટી ધરપકડ કરવામાં આવી છે. અશ્લીલ વીડિયો કેસમાં JDS MLC સૂરજ રેવન્નાની ધરપકડ કરવામાં આવી છે. સૂરજ પૂર્વ સાંસદ

અનુસંધાન પાના નં.૪ પર

## NEET પેપર લીક પર પ્રિયંકા ગાંધીએ કહ્યું 'મોદી સરકાર સ્વચ્છ રીતે પરીક્ષા લેવા સક્ષમ નથી

(એજન્સી દ્વારા)નવી દીલ્હી : કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ NEET પેપર લીક મામલે નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રિયંકા ગાંધીએ રવિવારે (૨૩ જૂન ૨૦૨૪) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર તેમની આકરી પ્રતિક્રિયા આપી હતી.

તેમણે લખ્યું છે કે દેશના સક્ષમ યુવાનો ભાજપના ભ્રષ્ટાચાર સામે લડવામાં પોતાનો સૌથી કિંમતી સમય અને શક્તિ વેડફી રહ્યા છે અને મોદીજી માત્ર શો જોઈ રહ્યા છે.

આ ઉપરાંત તેમણે હાલના દિવસોમાં લીક થયેલા પેપરનો ઉલ્લેખ કરીને મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. પ્રિયંકાએ લખ્યું, "NEET-UG પેપર લીક થયું, NEET PGનું પેપર રદ થયું, UGC નેટની પરીક્ષા રદ થઈ અને પછી CSIR NET રદ થઈપ આજે દેશની કેટલીક સૌથી મોટી પરીક્ષાઓની આ સ્થિતિ છે." પ્રિયંકા ગાંધીએ વધુમાં કહ્યું કે ભાજપના શાસનમાં સમગ્ર શિક્ષણ માળખું માફિયાઓ અને ભ્રષ્ટાચારીઓને સોંપી



દેવામાં આવ્યું છે. દેશનું શિક્ષણ અને બાળકોનું ભવિષ્ય લોભી અને લુચ્ચા લોકોના હાથમાં સોંપવાની રાજકીય જીદ અને ઘમંડે પેપર લીક, પરીક્ષા રદ કરવી, કેમ્પસમાંથી શિક્ષણ

અનુસંધાન પાના નં.૪ પર

## ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ: મોદી સહિત દિગ્ગજોએ પાઠવી શ્રદ્ધાંજલિ

(એજન્સી દ્વારા)નવી દીલ્હી :મા ભારતની અમર સપૂત અને જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની આજે પુણ્યતિથિ છે. જેને લઈને દેશના પ્રધાનમંત્રી સહિત તમામ વરિષ્ઠ નેતાઓએ શ્યામા પ્રસાદ મુખર્જીને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.પીએમ મોદીએ ટ્વિટ કરતા જણાવ્યુ કે દેશના મહાન સપૂત, પ્રસિદ્ધ ચિંતક અને શિક્ષણવિદ્ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમના શહીદ દિવસ પર ભાવભરી શ્રદ્ધાંજલિ. તેમણે પોતાનું જીવન ભારત માતાની સેવામાં સમર્પિત કર્યું. તેમનું ગતિશીલ વ્યક્તિત્વ દેશની દરેક પેઢીને પ્રેરણા આપતું રહેશે. જે.પી નડ્ડાએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું

અનુસંધાન પાના નં.૪ પર

## કેસરીયા બ્રિગેડને પુનઃ મુળ ટ્રેક પર આવવુ અનિવાર્ય જ છે..!

# સંઘમ્ શરણમ્ ગચ્છામિ.... : ભાજપને તેના વગર છુટકો જ નથી..! સંઘની જરૂર નથી, કહ્યા બાદ પરીણામોમાં પથારી ફેરવાઈ ગઈ..!

**આ પરીણામો ગંભીર ચેતવણી આપનાર જ કહેવાય : ગુજરાતમાં દોઢો થવા ગયેલો ભાજપ નબળો પડયો, ચૂંટણીમાં વારાણસીમાં ખુદ મોદી મત ગણતરીના બે રાઉન્ડમાં પાછળ ચાલતા હતાં. જીતી ગયા, પણ ગયા વખત કરતા મોદીજીની લીડ અડધી થઇ ગઇ છે**

ગાંધીધામ : ભારતીય જનતા પાર્ટી અને આરએસએસ એક બીજાના પુરક છે. પરંતુ ગત લોકસભાની ચૂંટણીમાં આ બન્ને વચ્ચે અંતરાય હોય તેવુ કેટલીય વખત જોવાયુ અને ક્રીટીકસના વિષયોમાં પણ છણાવટ સાથે ચર્ચાતુ રહ્યુ હતુ. અધુરામાં પુરૂ પરીણામોથી પહેલા જ ભાજપના અધ્યક્ષે પણ ખુલ્લીને કહ્યુ કે, હવે અમને સંઘની જરૂર નથી. 'ભાજપ હવે આત્મનિર્ભર બની ગયો છે, અમને આર. એસ. એસ.ની જરૂર નથી...' મતદાનના તબકકા ચાલુ હતા ત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ આ નિવેદન આપ્યું હતું. હવામાં ઉડી રહેલા ભાજપીઓની પરિણામોમાં પથારી ફરી ગઈ. સંઘની જરૂર નથી નો બકવાસ કરનારા ભાજપીઓ હવે સત્તાનો શ્વાસ લેવા ફાલતુ પક્ષો જેડીયુ - ટીડીપી સાથે સમજુતી કરવાની સ્થીતી આવી ગઈ છે.

દશેક વર્ષ થોડી મજબૂતી મળી તેમાં ભાજપીઓ બાપુજીને ભૂલી ગયા. ભાજપી નેતાઓ ૪૦૦ ના તોરમાં રહ્યા. દોઢા થવા ગયા, અડધા થઈ ગયા. ભાજપની આ ભૂલ માત્ર પક્ષને જ નહિ, પણ હિન્દુત્વ વિચારધારાને ભારે પડી છે. અસ્તિત્વ માટે ઝઝૂમતી કોંગ્રેસ મજબૂત બની ગઈ છે. લોકસભામાં ભાજપને એકલા હાથે સ્પષ્ટ બહુમતી ન મળતા ગજબ નુકશાન થયું છે. આંધ્રમાં ચંદ્રાબાબુ ભાજપ ના ટેકાથી વટથી કયા એજન્ડાઓ ચલાવશે તે સૌ જાણીએ છીએ.નીતિશ જેવા નેતા બિહારમાં ધાર્યુ કરશે.વિચારધારાને પ્રત્યક્ષ-પરોક્ષ અતિ નુકસાન થયું છે. ભાજપનો અહમ હિન્દુત્વને ભારે પડયો છે. આ મામલે ભગવતજીએ સ્પષ્ટ શબ્દોમાં વાત કરી છે. જો કે કેન્દ્રમાં સત્તા જળવાઈ છે એ થોડી રાહતની બાબત છે, પણ સત્તા જાળવી રાખવી અઘરી છે.ભાજપમાં એટલા બધા કોંગ્રેસીઓ ઘુસી ગયા છે કે, સમગ્ર ભાજપ નકલી કોંગ્રેસ જેવો બની ગયો છે. આ બધું થયા પછી પણ ભાજપ મજબૂત થવાને બદલે વિપક્ષે મજબૂત થયા.આ રાજકીય પાપ છે. હજુ મોડું નથી થયું, ભાજપે દોઢા થવાને બદલે ડાહયા થવું પડશે. વ્યકિતગત તાકાત વધારવાને બદલે વિચારધારાની તાકાત વધારશે તો જ અસ્તિત્વ ટકશે. ભાગવતજી અને યોગીજી વચ્ચે બેઠક થઈ રહી છે. ભાજપે સંઘના બાપુજી બનવાને બદલે સુપુત્ર જ રહેવું પડશે. જાગ્યા ત્યારથી સવાર-અન્ય રંગે રંગાવાને બદલે ભગવાને ઘટ્ટ બનાવવો પડશે.

**ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસનો મોટો અપસેટ સર્જાયો**

# રાશિદ એન્ડ કંપની સામે કાંગારૂઓની શરણાગતિ

**પહેલીવાર ઓસ્ટ્રેલિયા અફઘાનિસ્તાન સામે હાર્યું**

નવીદિલ્હી : ટી૨૦ વર્લ્ડ કપની સુપર-૮ સ્ટેજની આઠમી મેચમાં આજે મોટો અપસેટ સર્જાયો છે. લો સ્કોરિંગ મેચમાં અફઘાનિસ્તાને ૨૦૨૧ની ચેમ્પિયન એવી ઓસ્ટ્રેલિયાને ૨૧ રનથી હરાવ્યું છે. આ સાથે જ અફઘાન ટીમે ઈતિહાસ રચી દીધો છે. અફઘાનિસ્તાને ઓસ્ટ્રેલિયાને ૧૨૭ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

ઓસ્ટ્રેલિયાએ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો અને અફઘાનિસ્તાનને ૧૪૮ રન પર રોકી દીધું. પરંતુ કેપ્ટન મિચેલ માર્શની ટીમ આ નાના ટાર્ગેટને પણ ચેઝ કરી શકી




નહોતી અને માત્ર ૧૨૭ રન બનાવી શકી હતી. નવીન ઉલ હક અને ગુલબદ્દીન નઈબ આ જીતના હીરો બન્યા હતા. ગુલબદ્દીને ૪ ઓવરમાં ૪ વિકેટ લીધી હતી અને ૨૦ રન આપ્યા હતા. નવીને તેની ૪ ઓવરમાં ૩ ઓસ્ટ્રેલિયન બેટર્સને આઉટ કર્યા હતા. અફઘાનિસ્તાને ક્રિકેટના કોઈપણ ફોર્મેટમાં પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાને હરાવ્યું છે. ઓસ્ટ્રેલિયાના આ પરાજય સાથે ભારતે હવે સેમિફાઈનલમાં પહોંચવા માટે ઓસ્ટ્રેલિયાને હરાવવું પડશે.

અગાઉ, ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સે આ વર્લ્ડ કપમાં સતત બીજી મેચમાં હેટ્રિક ઝડપી છે. તેણે રાશિદ ખાન, કરીમ જનત

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
**- દેવેન વ્યાસ**




ડોક્ટરે પાણી વધુ લેવાનું કહ્યું છે, માટે જ દરરોજ પાણીપુરી ખાવા આવું છું !

## રોંગ સાઇડ વાહન હંકારનારાઓ સામે ગૃહ પ્રધાનનું કડક વલણ, પોલીસ પકડે તો મને ફોન કરશો નહીં : હર્ષ સંઘવી

સુરત : કાયદાની ઐસી તૈસી કરી રોંગ સાઈડ વાહન હંકારનારાઓ રાઈટ સાઈડ જવાની આદત પડે તે માટે તંત્ર કડક પગલા લઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રોંગ સાઈડમાં આવતા વાહન ચાલકો પોતાની સાથે સાથે અન્ય લોકોનાં જીવને પણ જોખમ રૂપ બને છે.પોલીસ હવે રોંગસાઈડ વાહન ચલાવતા લોકોને ભાઈ બાપા કરીને સમજાવશે નહીં. રોંગ સાઈડમાં વાહન ચલાવનારા એમ વિચારતા હોય કે જો પોલીસ પકડશે, મેમો ફાડશે અને આપણે દંડ ભરીને છુટી જઈશું તો હવે તેવું નહીં થાય!હવે તમે રોંગ સાઈડમાં વાહન ચલાવતા ઝડપાયા તો તમારૂ નામ પોલીસ ચોપડે ચઢી જશે. આ માટે રાજ્યના ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ જ પોલીસને કડક હાથે કામ લેવા આદેશ આપ્યો છે. સંઘવીએ પોલીસ અધિકારીઓને આદેશ આપ્યો છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી કોઈનો પણ ફોન આવે તો કોઈને પણ છોડશો નહીં.હર્ષ સંઘવીએ કહ્યું કે, રોંગ સાઈડનો મેમો ફડાવતા નહીં, પોલીસે કેસ કરવાનું ચાલુ કરી નાખ્યું છેપપોલીસ પકડે તો મને ફોન કરશો નહીં , મારી ઓફિસથી ફોન આવશે તો પણ પોલીસ છોડશે નહીં.

## સંસદની સુરક્ષા માટે ૨૫૦૦ CISF જવાનો તૈનાતઃ સંસદની સુરક્ષા સાંસદોની ઓળખ કરશે

(એજન્સી દ્વારા)નવી દીલ્હી :નવી સરકારની રચના બાદ લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી અને રાજ્યસભાનું પ્રથમ સત્ર ૨૭ જૂનથી શરૂ થશે. સંસદની સુરક્ષા માટે પહેલીવાર ઝૈંજીહ્લ પણ તૈનાત કરવામાં આવી છે. સંસદની સુરક્ષા માટે સીઆઈએસએફને હજુ સુધી લેખિત આદેશો મળ્યા નથી. આમ છતાં CISF સુરક્ષાની જવાબદારી સંભાળશે. CISF અને સંસદ સુરક્ષા સેવાના ઉચ્ચ અધિકારીઓએ સંસદ ભવનમાં પ્રવેશ કરતી વખતે સાંસદો અને મંત્રીઓને ઓળખવા અને તેમના પ્રોટોકોલમાં કોઈ સમસ્યા ન થાય તેની ખાતરી કરવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે.સીઆઈએસએફ સાંસદો અને મંત્રીઓની ઓળખ કરવાનું કામ નહીં કરે. પહેલાની જેમ આ જવાબદારી સંસદ સુરક્ષા સેવાના અધિકારીઓની જ રહેશે. હાલમાં સંસદભવનની સુરક્ષામાં ૨૫૦૦ CISF જવાનો તૈનાત છે. જેમાં કમાન્ડો પણ સામેલ છે. CISFની તૈનાતી બાદ દિલ્હી પોલીસ અને CRPFને અહીંથી પાછી ખેંચી લેવામાં આવી છે. સંસદ સત્રના પ્રથમ દિવસે કોઈ ભૂલો ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, સીઆઈએસએફ અને સંસદ સુરક્ષા સેવાના વરિષ્ઠ અધિકારીઓને તે દરવાજા પર તૈનાત કરવામાં આવશે જ્યાંથી સાંસદો અને મંત્રીઓ પ્રવેશ કરશે.એક અધિકારીએ જણાવ્યું કે સંસદ ભવનમાં પ્રવેશતા પહેલા કોઈપણ સાંસદ કે મંત્રીના પાસને સ્કેન કરવામાં આવશે નહીં. પહેલાની જેમ, તે તમામ સુરક્ષા અધિકારીઓને એન્ટ્રી ગેટ પર તૈનાત કરવામાં આવશે જેઓ નવી સરકારની રચના પછી તમામ સાંસદો અને મંત્રીઓની ઓળખની ખાતરી કરીને પોતાનું કામ કરી ચૂક્યા છે. દિલ્હી ટ્રાફિક પોલીસ પહેલાની જેમ ટ્રાફિક વ્યવસ્થા સંભાળશે, જ્યારે પોલીસ સ્ટેશનની કાર્યવાહીનો મુદ્દો દિલ્હી પોલીસ પહેલાની જેમ જ સંભાળશે.

## મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ચોમાસું જમ્યું

**તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ત્રણ ઇંચ કરતાં વધુ વરસાદ ખાબકતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : દક્ષિણ ગુજરાતના ૬ તાલુકામાં બે ઇંચ થી ત્રણ ઇંચ વરસાદ : છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૮ તાલુકાઓમાં મેઘ મહેર**

ગાંધીનગર : દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ મન મૂકીને ધમાકેદાર એન્ટ્રી કરતા તાપી વલસાડ નર્મદા છોટાઉદેપુર જિલ્લાઓમાં ચોમાસુ જામ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ત્રણ ઈંચ કરતા વધુ વરસાદ ખાબકતા કુકરમુંડાના નિચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. અને જનજીવન ખોરવાયું હતું. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાતમાં વરસાદ થવાની કરેલી આગાહી અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૮ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતના

અનુસંધાન પાના નં.૪ પર

# જી.કે.જનરલ અદાણી હોસ્પિ.માં સર્પદંશના ૯૮ જેટલા બનાવોમાં અપાઈ સારવાર

**હોસ્પિલના ઈમરજન્સી વિભાગે સર્પદંશના બનાવો સામે સાવચેતી, સારવારના આપ્યા ઉપાયો**

ભુજઃ કચ્છમાં અને ખાસ કરીને ગ્રામ વિસ્તારની અંદર ગરમી અને ભેજવાળા વાતાવરણ દરમિયાન સર્પદંશના બનાવવામાં વધારો નોંધાતો હોય છે. જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં જાન્યુઆરીથી જૂન મહિના દરમિયાન વર્તમાન વર્ષમાં સર્પદંશના કુલ્લ ૯૮ બનાવોમાં તાત્કાલિક સારવાર અપાઈ હતી.

જી.કે.ના ઈમરજન્સી વિભાગના ઈન્ચાર્જ ડો. સંકેત પટેલના જણાવ્યા મુજબ, હવે જ્યારે વર્ષાઋતુની આવે છે ત્યારે સંભવતઃ આવા બનાવો વધુ બનશે તેવા સંજોગોમાં સાપ કરડે નહિ અને તેમ છતાં કરડવાનો બનાવ બને તે માટે સાવધ રહેવું જરૂરી છે.

કચ્છ અને ગુજરાતમાં ૬૦ થી ૬૨ જેટલી સાપની પ્રજાતિઓ જોવા મળે છે, પરંતુ તે પૈકી ચારેક પ્રજાતિઓનો ડંખ ઘાતક પુરવાર થતો હોય છે. છતાં દરેક પ્રકારના સર્પથી સાવધ તો રહેવું જ પડે.કોઈ પણ સાપ કરડે તો પળનોય વિલંબ કર્યા વિના કે અંધશ્રદ્ધાનો સહારો લેવા સિવાય તાત્કાલિક નજીકની હોસ્પિટલનો સંપર્ક કરવો જ જોઈએ.

સર્પદંશના લક્ષણોઃ કેટલીક વાર તો એ પણ ખ્યાલ નથી આવતો કે સાપ કરડ્યો છે કે કોઈ જીવજંતુ ત્યારે તેના લક્ષણો પ રથી અંદાજ આવી જતો હોય છે જેમ કે, સાપ કરડે તો એ ભાગ ઉપર સોજો આવી જાય છે. કરડેલો ભાગ લાલ થઈ જતો હોય છે. લોહી નીકળે છે. ક્યારેક પેશાબમાં લોહી આવે. ઉલ્ટી - ઉબકા, હાથ પગમાં ખાલી ચડવી, આંખના પાંપણ ઢળી પડવા, બોલવામાં તકલીફ પડવી, ઘણીવાર બેભાન થઈ જવા જેવા લક્ષણો પણ જોવા મળતા હોય છે.

સર્પદંશ થાય તો ડર કાઢી તાત્કાલિક હોસ્પિટલ પહોંચવુંઃ સાપ કરડે તો પ્રથમ સર્પદંશનો હાઉ મનમાંથી કાઢી નાખવો કારણ કે મોટાભાગના સાપ બિનઝેરી હોય છે. કરડવાના ભાગને સાબુથી સાફ કરી લોહીનું પરિભ્રમણ ધીમું કરવા ડંખની જગ્યાએથી એક વેંત ઉપર પાટો બાંધવો. ઝડપથી હોસ્પિટલ પહોંચવું સાથે ખ્યાલ રાખવો જરૂરી છે કે ચુસ્તપાટો ન બાંધવો અને હલનચલન ટાળવું. કરડેલા ભાગ ઉપર મિશ્રણ કે કોઈ પણ જાતનો લેપ લગાવવો નહીં.

સાપથી સાવધ રહેવા લેવાની થતી સાવચેતીઃ સૌથી મહત્વનું તો એ છે કે સાપ કરડે જ નહિ એ માટે સાવચેત રહેવું જેમકે, ખુલામાં કે ઘરમાં મચ્છરદાની બાંધી ને સૂવું જરૂરી છે. અંધારામાં જતી વખતે ટોર્ચ રાખવી. કબાટ કે ગેસના બોટલ કે કોઈ પોલાણવાળી જગ્યાએ હાથ નાખતા પહેલા સભાળવું તેમજ ખખડાટ કરીને બરાબર ચકાસી ખાતરી કરી લેવી. એવી જ રીતે ખેતરમાં કે ઘાસનાં મેદાનો કે બગીચામાં જતી વખતે બુટ પહેરીને જવું. ઝાડી ઝાંખરામાં કોઈ વસ્તુ પડી ગઈ હોય તો જોયા તપસ્યા વિના તેમાં હાથ નહિ નાખવો. આટલી સતર્કતા રખાય તો સંભવિત મુશ્કેલી ટાળી શકાય.

# સ્મૃતિવનમાં સાંસદ યોગ ઉત્સવનું આયોજન કરાયું







**અંગદાનના પ્રણેતા દિલીપભાઈ દેસમુખ સહિત કચ્છના ધારાસભ્યો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા**

ભુજ : કચ્છ લોકસભા પરિવાર દ્વારા આઝાદી કા અમૃતકાલ તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે આયોજિત સાંસદ યોગ ઉત્સવનું આયોજન સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને સ્મૃતીવન ખાતે કરાયું હતું. જેમાં રાજકીય અને સામાજિક અગ્રણીઓ સાથે યોગ સાધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વેળાએ સાંસદ વિનોદભાઈ ચાવડાએ પોતાના ઉદ્દબોધનમાં સૌ સાધકોને વિશ્વયોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું કે, દર વર્ષે સાંસદ યોગ ઉત્સવનું આયોજન કરાયું છે ત્યારે આજના દિવસે યોગ દ્વારા સૌ નિરોગી સ્વસ્થ રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. સ્મૃતિવનને વિશ્વના સાત સંગ્રહાલયમાં સ્થાન મળ્યું છે. તેણે આપણી ધરોહર અને ગૌરવને ઉજાગર કર્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કચ્છને અનેક ભેટો આપી છે અને કચ્છને અગ્રેસર બનાવ્યું છે. આજે કચ્છ ટુરિઝમ ક્ષેત્રે આગળ વધાર્યું હોય તો તેનો શ્રેય વડાપ્રધાનને જાય છે. તેઓ હંમેશા કચ્છની ચિંતા કરતા હોય છે. આવનારા દિવસોમાં રજા કચ્છને આગળ લઈ જવામાં પ્રયત્નો ચાલુ તેવું કહ્યું હતું. આ વેળાએ અંગદાનના પ્રણેતા દિલીપભાઈ દેસમુખ, ભુજ મત વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, માંડવી-મુન્દ્રાના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે, પાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકી, શહેર ભાજપ પ્રમુખ બાલકૃષ્ણ મોતા અને યોગ કો-ઓર્ડિનેટર હિતેષ કપુર સાથે રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી દિનેશ ઠક્કરે કર્યું હતું.

# ચાણકય એકેડમી ૨૦માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે ઉજવણી કરી

**આ ઉજવણીમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા અને વૃક્ષારોપણ કાર્યક્રમ કરાયો**





ભુજ : ભુજમાં એક એવી સ્કૂલ કોલેજ બનાવીએ જેમાં વિદ્યાર્થીને બહાર ગામ જવાની જરૂર નથી. અહીં રહીને પ્રાયમરીથી લઈ કોલેજ સુધીનું ભણતર એક જકેમ્પસમાં મળી રહે તેવો વિચાર ૨૦ વર્ષ પહેલા તક્ષશીલા એજ્યુકેશન ટ્રસ્ટને આવ્યો અને આવી શાળા કચ્છમાં નિર્માણ પામી જે આજે વટવૃક્ષ બની છે. ચાણકય એકેડમીની સ્થાપના ૨૦૦૪માં થઈ હતી. આ સંસ્થાએ ૧૦, ૦૦૦ થી વધુ બાળકોને શિક્ષણ આપ્યું છે.

આ અંગે વિગતે વાત કરતા વાઈસ ચેરમેન સંદિપ દોશીએ જણાવ્યું કે ચાણકય એકેડમીને ૨૦ વર્ષ પુરા થયા જ્યારે તેની સ્થાપના થઈ ત્યારે બીજ હતું. આજે વટવૃક્ષ બન્યું છે. અહીં ભણેલા વિદ્યાર્થીઓ આજે ડોકટર, ઈજનેર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પાઈલોટ, બિઝનેસમેન બન્યા છે. તેઓ સંસ્થાનું ઋણ ચુકવવા માટે આ કોલેજની વારંવાર મુલાકાતે આવે છે. આજથી ૧૬ વર્ષ પહેલા અંગ્રેજી સ્કૂલની જરૂરીયાત હતી અને એ ચાલુ કરાઈ.ચાણકય વિદ્યાપીઠ અંગ્રેજી મીડીયમની કોમર્સ કોલેજને શરૂઆત કરાઈ તેને પુરા ૧૬ વર્ષ થયા છે. ત્યારબાદ ફિઝિયોથેરાપિસ્ટ ડિગ્રીની કોઈ કોલેજ ન હોવાથી ત્યારે ચાણકય ફિઝિયોથેરાપીની કોલેજ શરૂ કરાઈ જેની અંદર દર વર્ષે ૬૦ થી વધુ બાળકો ડોકટરની ડિગ્રી મેળવે છે. માસ્ટર ડિગ્રી માટે બે વર્ષથી કોલેજ શરૂ કરાઈ છે. તેનો નવો બેચ આ વર્ષથી બહાર પડયો માસ્ટર ડિગ્રી માટે અમારી સંસ્થા કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. આવી રીતે સંસ્થા અલગ-અલગ રીતે કાર્ય કરી છે. ગુજરાતમાં સંભવત પ્રથમ આત્મનિર્ભર નામનો પ્રોજેક્ટ આ સંસ્થામાં ચાલેછે. આ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમારી સંસ્થાને વિચાર બીજ આવ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્કૂલ કોલેજમાં એકપણ રૂપિયો ફી ભર્યા વગર વિદ્યાર્થીઓ પોતાની ડિગ્રી મેળવી શકે છે. સાથે કોમર્સ કોલેજમાં ડિગ્રી લઈ શકે છે. તેમાં અન્ય ડિગ્રી ડોકટર અને માસ્ટર ડિગ્રી અપાય છે. ૩૫ થી વધુ દિકરીઓ આ સંસ્થાનમાં ભણી ડોકટર બની રહી છે. અને આ સંસ્થા શિક્ષણ કાર્ય માટે સમર્પિત છે. જેમાં ટ્રસ્ટીઓ તન, મન, ધનથી કામગીરી કરી રહ્યા છે. તેવું કહ્યું હતું. સેકન્ડરી, હાયર સેકન્ડરીના પ્રિન્સિપાલ કાવીન્દ્રી બારમેળાએ જણાવ્યું કે દર વર્ષને યાદગાર બનાવવા સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓ સ્ટાફ દ્વારા કંઈક અલગ કરે છે ત્યારે આ વર્ષની ઉજવણીમાં સીડબોલ(બીજ લાડુ) ૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. જેને વાવવાથી હજારો ઝાડ નવા ઉગશે સાથે એવોર્ડ સેરેમની રાખવામાં આવી છે.

જેમાં વિદ્યાર્થીઓ સર્વ શ્રેષ્ઠ પરિણામ લાવ્યા છે. તેમને સન્માનવાનો કાર્યક્રમ બપોરના સેશનમાં રાખવામાં આવ્યું હતું. મેનેજીંગ ટ્રસ્ટી પંકજભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ થયેલી ઉજવણીમાં વાઈસ ચેરમેન સંદિપ દોશી, સેકેન્ડરી - હાયર સેકન્ડરીના પ્રિન્સિપાલ કાવીન્દ્રી બારમેડા, પ્રાઈમરી પ્રિન્સિપલ બલનાણી કાલદીક ફુલીયા, કે.જી. હેડ કલ્પના ઠક્કર, વિધિતા પિત્રોડા તથા સ્ટાફગણનો સહયોગ સાંપડ્યો હતો.

# ભુજ નગર સેવા સદનના પૂર્વ કારોબારી ચેરમેનના જન્મદિવસે વિવિધ સેવાકાર્યો કરાયા




ભુજ : ભુજ નગર સેવા સદનના પૂર્વ કારોબારી ચેરમેન અને યુવા આગેવાન ભારતીય જનતા પાર્ટીના અગ્રણી અને સમાજ સેવાના ભેખધારી અને વિવિધ સેવાઓને કડીરૂપ બનતા અગ્રણી જગત(જલધિ) વ્યાસના જન્મદિવસે વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઠંડી છાશ ફરતા ફરતા છાશ કેન્દ્ર દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત ફરતા ફરતા પાણીના પરબ દ્વારા રાહદારીઓને પાણી પીવડાવવામાં આવ્યું હતું. તેમજ જરૂરિયાતમંદ બાળકોને નોટબુકો સાથે અલ્પાહાર પણ કરાવવામાં આવ્યો હતો. આ રીતે શહેરના યુવા અગ્રણી જગત વ્યાસનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો હતો. સત્યમના અધ્યક્ષ દર્શકભાઈ અંતાણી, અંકિતાબેન ધોકાઈ, નર્મદાબેન ગામોટ, નયનભાઈ શુક્લ, મનજીભાઈ ગામોટ વગેરે જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ કારોબારી ચેરમેન અને યુવા આગેવાન જગતભાઈ વ્યાસ ભુજ શહેરની અંદર સત્યમ તરફથી યોજાતા અનેક કાર્યક્રમોમાં તેઓ વર્ષોથી ઉપયોગી થઈ રહ્યા છે. ધાર્મિક સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેઓ ઊંડો રસ લઈ રહ્યા છે તેથી તેમનો સત્યમ સંસ્થાએ આભાર માન્યો હતો.

# ૧૬ વર્ષ પછી પિતા-પુત્રનું મિલન થયું



ભુજ : મહારાષ્ટ્રનાં નાશિક જીલ્લાનાં લાસલર્ગાંવનો સંજય એકનાથ એલેજે (ઉ.વ. ૪૦) ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. છતાં કયાં પણ એનો અતોપતો ન મળતાં પરિવારજનો ખૂબ જ નિરાશ થયા હતા. તે દેશનાં જુદા-જુદા રાજ્યો, શહેરો, ગામડાઓમાં સતત રખડતો - ભટકતો રહ્યો હતો. તેણે અનેક દુઃખો વેઠી આફતોનો સામનો કર્યો. આખરે તે સોમનાથનાં નિરાધારનો આધાર,, માનવસેવા આશ્રમ મધ્યે પહોંચ્યો હતો. ત્યાંનાં સંચાલકોએ તેની ખૂબજ સારી સારવાર કરી અહીં તે ૧ મહિનાં સુધી હતો.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં સિનિયર પેરાલીગલ વોલીન્ટીયર પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા તેને સોમનાથથી ભુજ લઈ આવ્યા. અહીં પણ તે ૧૫ દિવસો મહેમાન બન્યો. મહારાષ્ટ્ર પોલીસની મદદ લઈ નાશિક જીલ્લામાં તેનાં પરિવારને શોધી કઢાયો. સમાચાર પ્રાપ્ત થતાં જ ખાનદાન પરિવારે વિડીયો કોલ કરી પોતાનાં પરિવારની વ્યક્તિની ખાત્રી કરી ભુજ આવવા રવાનાં થયા. તેનાં બે પુત્રો સચિન અને પ્રેમસાગર, ભાઈ રાજેન્દ્ર તથા તેનો ભત્રીજો ભુજ આવી પહોંચ્યા. ૧૬-૧૬ વર્ષ પછી પિતા - પુત્ર અને ભાઈ - ભાઈ તથા પતિ - પત્નીનું મિલન થતાં દરેકની આંખોમાં અશ્રુનાં પુર વહ્યાં હતા. તેનાં પરિવારજનોનાં જણાવ્યા મુજબ તેને પત્ની-બે પુત્રો તથા પૌત્રો પણ છે. બંને પુત્રોનાં લગ્ન તેની ગેરહાજરીમાં થઈ ગયા. આજે સંજય ૫૬ વર્ષનો થઈ ચૂકયો છે. આમ ૧૬ વર્ષ પછી પરિવારજનોની મુશ્કેલીનો અંત આવ્યો છે. પરિવારજનોની ખુશી બેવડાઈ છે.ગામમાં પહોંચતા જ ગામવાસીઓ વિશાળ સંખ્યામાં તેનું સ્વાગત કરવા ઉમટી પડ્યા હતા. આખા ગામમાં ખુશી છવાઈ હતી. ગામવાસીઓએ માનવજ્યોત સંસ્થા ભુજને ફોનથી આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યમાં આનંદ રાયસોની, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલ અબોટી, શંભુભાઈ જોશી, પ્રવિણ ભદ્રા સહભાગી બન્યા હતા.

## સાંસદ વિનોદભાઈ ચાવડાને શુભેચ્છાઓ પાઠવાઈ



સાંસદ વિનોદભાઈ ચાવડા સતત ત્રીજી વખત કચ્છના સાંસદ તરીકે ચૂંટાઈ આવતા સહકાર યુવક મંડળ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા તેઓનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. ડો. વસંતભાઈ વેલાણી, પારસભાઈ રબારી, માનવજયોતના પ્રબોધ મુનવર, કનૈયાલાલ અબોટી, યુનુસભાઈ ખત્રી, અલીમામદભાઈ, ઝહીર સમેજા, માલશી માતંગ દ્વારા બહુમાન કરી તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ભુજોડીના યુવાનને મળ્યો ગુજરાત સુપર ટેલેન્ટ એવોર્ડ



અમદાવાદમાં ૧૪મી જુનના ગ્રેસ માઉન્ટ મોડલિંગ એકેડમી દ્વારા ગુજરાત સુપર ટેલેન્ટ એવોર્ડસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભુજોડીના વિનોદ સીજુને ગુજરાત સુપર ટેલેન્ટ એવોર્ડ સિંગર રેપર વી.વી. ગઢવી દ્વારા આપવામાં આવ્યો હતો.

## બજારભાવ

| | | | |
|---|---|---|---|
| **ભુજ માર્કેટ ચાર્ડ** | | આદુ | ૧૩૦-૧૮૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | કારેલા | ૨૫-૫૦ |
| ગોવાર | ૫૦૦૦-૫૧૧૬ | શક્કરિયા | ૨૫-૪૦ |
| **૪૦ કિલોના ભાવ** | | ચોળા ડોલર | ૩૦-૬૦ |
| એરંડા | ૨૨૨૦-૨૨૪૧ | ચોળી | ૫૦-૮૦ |
| ઈશબગુલ | ૫૦૦૦-૫૧૮૧ | ગીલોડા | ૪૦-૫૦ |
| તલી | ૪૭૦૦-૫૦૯૦ | મરચા સીમલા | ૫૦-૭૫ |
| **ભુજ માર્કેટ ચાર્ડ** | | ગોવાર | ૮૦-૧૩૦ |
| **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | ગીસોડા | ૩૦-૮૦ |
| ડુંગળી | ૨૫-૩૨ | પરવળ | ૪૫-૭૦ |
| બટેટા | ૨૮-૩૧ | સરગવો | ૧૫-૩૦ |
| ટમેટા | ૩૫-૭૦ | ગેલકા | ૨૦-૩૦ |
| મરચા | ૮૦-૧૧૦ | કોળુ | ૧૫-૨૨ |
| મરચી | ૮૦-૧૦૦ | **ભુજ ફ્રુટ બજાર** | |
| રીંગણા કાળા | ૫-૧૨ | કેળા કાચા | ૫-૧૫ |
| રીંગણા બાજરીયા | ૫-૧૫ | કેળા પાકા | ૧૫-૨૦ |
| કોબી દેશી | ૧૦-૨૫ | પપૈયા કાચા | ૫-૧૦ |
| ફુલાવર | ૪૦-૬૫ | પપૈયા પાકા | ૧૦-૧૫ |
| ફુલાવર દેશી | ૪૦-૫૦ | જામફળ | ૧૦-૩૦ |
| ધાણા | ૭૦-૧૨૦ | ચીકુ | ૩૫-૫૦ |
| ભીંડા | ૨૦-૫૦ | શક્કરટેટી | ૨૦-૩૫ |
| કાકડી કાળી | ૮-૧૫ | કાચી કેરી | ૨૫-૩૦ |
| કાકડી સફેદ | ૧૦-૨૦ | પાકી કેરી | ૨૫-૫૦ |
| કાકડી ખીરા | ૩૫-૫૦ | કેસર કેરી | ૫૦-૧૦૦ |
| પાલક | ૩૫-૫૦ | રાજાપુરી કેરી | ૩૦-૪૦ |
| લસણ સુકું | ૧૫૦-૨૦૦ | ફણસી | ૧૫૦-૨૦૦ |
| લીંબુ | ૨૦-૬૦ | દાડમ | ૨૦-૧૦૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૨૫-૩૫ | કલીંગર | ૮-૧૮ |
| દુધી | ૪-૨૦ | | |

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે કચ્છ બન્યું યોગમય

## વર્લ્ડ હેરીટેઝ ધોળાવીરા ખાતે યોગ દિવસ ઉજવાયો



૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજકોટ વર્તુળ, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા કેન્દ્રીય રીતે સંરક્ષિત ખોદકામ કરાયેલ સ્થળ ધોળાવીરા ખાતે આર.કે.સિંઘ (નાયબ અધિક્ષક પુરાતત્વવિદ્), જીલુબા સોઢા (સરપંચ ધોળાવીરા)ની હાજરીમાં યોગાભ્યાસ કરાયો હતો. આ પ્રસંગે બાગાયત સહાયક યોગરાજસિંઘ, મદદનીશ પુરાતત્વવિદ્ શુભમ સિંઘ, સિનિયર સીએ, તારાચંદ સીએ અને સ્થાનિક લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નહેરૂ યુવા કેન્દ્ર





ભુજ વી.ડી. હાઈસ્કૂલ



નરેડી પ્રાથમિક શાળા



કેરા કુમાર શાળા



અદાણી મેડિકલ કોલેજ



## બોલ્ટનમાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના દ્વારા યોગ દિવસની ઉજવણી



બોલ્ટન ખાતે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના સાનિધ્યમાં સંતો હરિભક્તોએ યોગાસન, પદ્માસન, હલાસન તેમજ તાળી યોગ પણ કર્યા હતા.

માનકૂવા સહજાનંદ ગુરુકુળ





નિરોગા સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઇસ્કૂલ



ભુજ મા આશાપુરા વિદ્યા સંકુલ




ભુજ રામરોટી



## વેદાંગ યોગ સ્ટુડિયો દ્વારા યોગદિનની ઉજવણી કરાઈ



આંતર રાષ્ટ્રીય યોગદિન નિમિતે વેદાંગ યોગ સ્ટુડિયો દ્વારા યોગ શિબિરનું આયોજન માધાપર ખાતે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે સાંસદ વિનોદભાઈ ચાવડા અને મુખ્ય અતિથિ તરીકે લોહાણા સમાજ ભુજના પ્રમુખ મુકેશ ચંદે હાજર રહ્યા હતા. આખા દિવસના ૨૪ કલાકમાંથી એક કલાક પોતાના માટે કાઢીને યોગનો સમાવેશ કરવો જોઈએ તેવું સ્ટુડિયો યોગીનીચાર્ય વર્લ્ડ રેકોર્ડ ધારક પૂર્વીબેન નિકુંજભાઈ સોનીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ વિનોદભાઈ ચાવડા, આર્ષ અધ્યન કેન્દ્રના સ્વામી પ્રદિપ્તાનંદજી, અદાણી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. નરેન્દ્ર હિરાણી, ડો. મુકેશ ચંદે, દિપક ડાંગર અને બ્રહ્માકુમારીની બહેનો હાજર રહ્યા હતા. પૂજાબહેનના હસ્તે કાર્યકર્તાઓએ શિલ્ડ આપી સન્માન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિકુંજભાઈ સોની અને બાબુભાઈએ જહેમત ઉઠાવી હતી.




રિજનલ સાયન્સ સેન્ટર



ભુજ શેલ્ટર હોમ



માધાપર શ્રદ્ધા સ્કુલ એન્ડ કોલેજ





હાટકેશ અંબિકા મહિલા મંડળ, ગીતાજી કેન્દ્ર

# ખારીરોહરના શાંતિલાલ ગોડાઉનમાંથી ૨.૯૫ લાખની મસૂર દાળની બોરીઓ ચોરાઈ

**તસ્કરો હવે અનાજ પણ મુક્તા નથી, પોલીસે શોધખોળ આદરી**

ગાંધીધામ : વાહન અને ઘરફોડ ચોરીઓ રોજિંદી બની છે ત્યારે તસ્કરો હવે અનાજને પણ મુક્તા નથી. ગાંધીધામ તાલુકાના ખારીરોહરમાં શાંતિલાલ ગોડાઉનમાંથી ૨.૯૫ લાખની મસૂર દાળની બોરીઓ ચોરાઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. સપનાનગરમાં રહેતા પુરનમલ શ્રીકિશનલાલ બુનકરના જણાવ્યા પ્રમાણે તેમની દેખરેખ હેઠળના ખારીરોહરમાં શાંતિલાલ ગોડાઉનમાં આવેલા ગોવિંદ ટ્રેડર્સના ગોડાઉન નં. ૫ માં ચોરી થઈ હતી. અજાણ્યા ઈસમોએ પાછળના શટરના દરવાજામાંથી પ્રવેશ કરી તેમાં રાખેલી મસૂર દાળની ૧,૧૪,૭૨૦ બોરીમાંથી ૯૦ બોરીઓની ચોરી કરી હતી. જેની કિંમત ૨,૯૫,૪૭૦ આંકવામાં આવી છે. જેની ચોરી થતા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# બગડાની વાડી વિસ્તારમાં ખેડૂતોના વિરોધથી ગેટકોનું કામકાજ બંધ

**આધાર પુરવા કે ઓર્ડર સિવાય ગેટકોને કામ કરવા નહીં દઈએ : ખેડૂતો : ખેડૂતે ટાવર પર ચઢીને વિરોધ નોંધાવ્યો**





મુંદરા : તાલુકાના બગડા ગામે ગઈકાલે ગેટકો દ્વારા ખેડૂતોની વાડી વિસ્તારમાંથી આધાર પુરાવા વગર કામ થતું હોવાથી ખેડૂતો ઉગ્ર બની ગયા હતા, જેમાં એક ખેડૂત પર ચઢી આત્મવિલોપન કરવાની ચીમકી આપતા પોલીસ દોડતી થઈ હતી અને ખેડૂતને સમજાવવાની કોશિશ કરી હતી. કોંગ્રેસના અગ્રણીઓ સ્થળ પર જઈ ખેડૂત સાથે થતા અન્યાયનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, મહેનત કરતા ખેડૂતોને હેરાન કરવામાં આવે છે તે ચલાવી લેવામાં નહીં આવે. પોલીસને સાથે રાખી ખેડૂતોને દબાવવામાં આવે છે. તે યોગ્ય નથી. જમીન સંપાદનના ઓર્ડર સિવાય ગેટકો કામ કરી રહી છે. ૨૦૦૩-૪માં આ લાઈન નિકળી હતી પણ કદી મેન્ટન્સ થયું નથી અને ખેડૂતોને યોગ્ય વળતર પણ મળ્યું નથી. ત્યારે હવે ગેટકો પોલીસ રક્ષણ લઈ બેધડક વાડી વિસ્તારમાં મનફાવે તે રીતે લાઈનોનું કામ કરવામાં આવી રહ્યું છે. તેનો વિરોધ થતાં ગેટકોને કામ બંધ કરવાની ફરજ પડી હતી.

# પૂર્વ કચ્છમાં વ્યાજખોરીની બદી દૂર કરવા લોક દરબાર યોજાશે

**પશ્ચિમ કચ્છમાં પણ આવો લોક દરબાર યોજવા ઉઠ્યો સૂર**

ભુજ : પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરીનું દુષણ અટકાવવા માટે લોક દરબાર યોજવામાં આવશે. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનની બાજુમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલ ગાંધીધામ ખાતે આગામી ૨૬ તારીખના બપોરે ૧૨ કલાકે યોજાનારા લોકસંવાદમાં વ્યાજખોરીથી ત્રસ્ત થયેલા લોકો ભાગ લે તેવી અપીલ કરવામાં આવી છે. સાથે આ કાર્યક્રમમાં જે લોકોને નાની રકમની લોનની જરૂરિયાત છે તેઓને લોન અપાવવા માટે બેન્કો તેમજ ફાયનાન્સના કર્મચારીઓ હાજર રહેશે. પોલીસ સંકલન કરીને નિયમ પ્રમાણે લોન અપાવવામાં મદદરૂપ થશે. હાલે પૂર્વ કચ્છના એસપી સાગર બાગમાર પાસે પશ્ચિમ કચ્છ જિલ્લાનો ચાર્જ છે ત્યારે તેઓ દ્વારા ભુજમાં લોક દરબાર યોજવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

## છેલ્લા પાનાનું ચાલુ...

### કચ્છમાં 3 લાખ




રાપર તાલુકા હેલ્થ કચેરીના સુપરવાઇઝર રામજીભાઈ પરમારે જણાવ્યું હતું કે, રાપર તાલુકાના તથા રાપર અર્બન હેલ્થ સેન્ટર ખાતે પોલીયોના ટીંપા આપવામાં આવ્યા હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુવઈ, બેલા, ગાગોદર, આડેસર, ભીમાસર, ફતેહગઢ, ગેડી, બાલાસર, ચિત્રોડ તથા રાપર અર્બન હેલ્થ સેન્ટર અને પલાંસવા સીએચસી ખાતે મળી ૩૩૯૬૭ને પોલીયોનાં ટીંપા પીવડાવવાના છે. તો આજે જે બાળકો બાકી રહી ગયેલા હશે તેમને ઘરો ઘર જઇ પોલીયોના ટીંપા આપવામાં આવશે. રાપર તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. રોય રામજીભાઈ પરમાર તથા અન્ય કર્મચારીઓ સહિત કુલ ૧૫૯ બુથ પર ૩૧૮ ટીમના ૬૯૬ કર્મચારીઓએ ફરજ બજાવી રહ્યા છે.ભુજના રોટરી કલબ દ્વારા જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે રોટરી ક્લબ દ્વારા આયોજીત પોલીયોના ટીપાં પીવડાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ વેળાએ સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કચ્છ કલેકટર અમીત અરોરા, પીજીવીસીએલના જોઈન્ટ એમડી પ્રિતીબેન શર્મા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ, સ્ટાફ, રોટરી ક્લબ ભુજના પાસ્ટ ગર્વનર ભરતભાઈ ધોળકિયા, પ્રમુખ ભાવેશ પટેલ, મંત્રી ધવન શાહ, પ્રોજેકટ ચેરમેન અભિજીત ધોળકિયા, નરેન્દ્રભાઈ ઠક્કર, નવઘણભાઈ આહિર વગેરે સભ્યો હાજર રહ્યા હતા. આ અંગે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશમાં અગાઉ અનેક બાળકો પોલીયોનો ભોગ બન્યા છે. દેશ - વિદેશમાં પોલીયોને નાબુદ કરવા માટેના કેમ્પ રાખી બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામાં આવ્યા છે, જેના કારણે નાબૂદ થયો છે તેમ છતાં કયાંય વાયરસ રહી ગયો હોય અને ફેલાય નહીં તે માટે ભારત સરકાર, ગુજરાત સરકાર, કચ્છ જિલ્લો, સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ મિશન પાર પાડ્યું છે. કોઈ પણ બાળક બે પોલીયોના ટીપાંથી વંચિત ન રહે તેવું આયોજન કરાયું છે.



અંજાર તાલુકાના રાપર ગામે સરપંચ શંભુભાઈ આહિર દ્વારા પોલીયો બુથનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે બુથ સુપરવાઈઝર સાવનદાન ગઢવી, આંગણવાડી કાર્યકર્તા ધર્મિષ્ઠાબેન, અલ્પાબા સહિતના હાજર રહ્યા હતા.





મુંદરા બારોઈ નગરપાલિકાના અધ્યક્ષા રચનાબેન જોષીએ ટીપાં પીવડાવી કેમ્પનો આરંભ કરાવ્યો હતો. તો બીજીતરફ આંગણવાડી કેન્દ્રમાં પોલીયો બુથનું મુંદરા તાલુકા ભાજપ અનુ. જાતિના પ્રમુખ ગોવિંદભાઈ ધુવાએ બાળકોને પોલીયોના બે ટીપાં પીવડાવી પ્રારંભ કરાવ્યો હતો.

### ભાડઈ સી.એચ.સી.માં પોલીયોના ટીપા પીવડાવાયા



ગઢશીશામાં ભાડઈ સી.એચ.સી. દ્વારા ગઢશીશા દરિયાસ્થાન તેમજ જૈન સમાજવાડીમાં જીરોથી પાંચ વર્ષના બાળકોને પોલીયોના ટીપા પીવડાવાયા હતા. સી.એચ.સી. સ્ટાફ અને આંગણવાડી વર્કર બહેનોએ જહેમત ઉઠાવી હતી.

### પાન્ધ્રો વિસ્તારમાં પોલિયોના ટીપાં પીવડાવાયા



લખપત તાલુકાના પાન્ધ્રોમાં ૦ થી ૫ વર્ષ ના બાળકોને પેટા આરોગ્ય કેન્દ્ર પાન્ધ્રોમાં નારાયણ સરોવર પીએચસી સ્ટાફ દ્વારા દરેક કેન્દ્રો પર સવારથી બે ટીપાં પોલિયોના પીવડાવવામાં આવ્યા હતા. જેમાં પાન્ધ્રોના આગેવાન દરીયખાન રાયમા, ગણપતભાઇ હેડાઉ, મહેશભાઈ ઠક્કર, સંજયભાઈ સતવારા ઉપસ્થિત રહ્યા હતા.

### નેત્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોલિયોની ઉજવણી કરાઇ



નેત્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોલિયો રવિવાર અંતર્ગત બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. સરપંચ બહાદુરસિંહ જાડેજાના હસ્તે બાળકોને ટીપાં પીવડાવી કાર્યક્રમની શરૂઆત કરાઇ હતી. આ પ્રસંગે બાળ સરપંચ કશીશ જોષી, આરોગ્ય કેન્દ્ર સ્ટાફ ક્રિષ્નાબા જાડેજા, દીપુભા જાડેજા, વસંત દાફડા, નીશાબેન કનારા, દર્શન ગોસ્વામી, આશા વર્કર ઉર્મિલાબેન જોષી, સહીત ગ્રામજનો હાજર રહ્યા હતા.

# જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જીને પુષ્પાંજલિ અપાઈ







ભુજમાં વી.ડી. હાઈસ્કૂલ પાસે ભાજપના નેતાઓ દ્વારા શ્રદ્ધાસૂમન અર્પણ કરાયા

ભુજ : કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જનસંઘના સ્થાપક અને પ્રખર રાષ્ટ્રવાદી ડો. શ્યામ પ્રસાદ મુખરજીના ૭૧મા બલિદાન દિવસે પુષ્પાંજલી અર્પણ કરાઈ હતી.

ભુજમાં વી.ડી. હાઈસ્કૂલની પાસે આવેલ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ અનુસંધાને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ વેળાએ સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું કે, ડો. શ્યામાપ્રસાદજીએ પોતાનું જીવન દેશ માટે ન્યોછાવર કર્યું હતું. તેમના કરેલા કાર્યોને યાદ કરી હારારોપણ કરવામાં આવ્યો હતો. આ વેળાએ સાંસદ વિનોદભાઈ ચાવડાની સાથે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા મહિલા મોરચાના અધ્યક્ષ ગોદાવરીબેન ઠક્કર, નગરપાલિકા ઉપપ્રમુખ ઘનશ્યામ સી. ઠક્કર, મીડિયા સેલના અનવરભાઈ નોડે તથા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો દ્વારા હારારોપણ કરવામાં આવ્યું હતું.

તો જન સંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિતે ભુજ તાલુકા યુવા ભાજપ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું દિપ પ્રાગટય જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, જિલ્લા મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિ, પ્રફુલ્લસિંહ જાડેજા, ભુજ શહેર ભાજપ પ્રમુખ બાલકૃષ્ણ મોતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ રક્તદાન વેળાએ આગેવાનો ઉપસ્થિત રહી કાર્યકર્તાઓએ બહોળી સંખ્યામાં રક્તદાન કરવા પ્રેરીત કર્યા હતા.

### રાપર ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસની ઉજવણી કરાઈ



રાપર : રાપર તાલુકા ભાજપ અને શહેર ભાજપ દ્વારા જનસંઘના સ્થાપક અને પ્રખર રાષ્ટ્રવાદી ડો.શ્યામાપ્રસાદ મુખરજીના ૭૧માં બલિદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીની રાષ્ટ્રવાદી સેવા અને જનસંઘની સ્થાપના અંગેની સેવા બિરદાવી હતી. યોજાયેલા બલિદાન દિવસ નિમિત્તે વિનુભાઈ થાનકી, અવિનાશ પ્રજાપતિ, ડોલરભાઈ ગોર, લાલજી કારોત્રા, ગિરિરાજ સિંહ વાઘેલા, નિલેશ માલી, મેમાભાઈ ચૌહાણ, કેશુભા વાઘેલા, દેવુભા વાઘેલા, મેમાભાઈ ચૌહાણ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડો .શ્યામ પ્રસાદ મુખરજીના બલિદાન દિવસ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



રતનાલ મધ્યે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



ભચાઉમાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ નિમિત્તે વોર્ડ નંબર ૨ બુથ નંબર ૭૩ પર શ્રદ્ધાસુમન કરી તેમના બલિદાનની જીવન ગાથાનું વર્ણન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ભચાઉ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ રૂપલબેન દેસાઈ, કચ્છ જિલ્લા યુવા મોરચાના કારોબારી સદસ્ય દિપેશભાઈ કારિઆ, કરસનભાઈ કારીયા, મહિલા મોરચાના કારોબારી સદસ્ય ઝવેરબેન પટેલ સહિત સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દરિયાકાંઠે બિનવારસુ ચરસ શોધી ફોટો પડાવતી એજન્સીઓ મૂળ સુધી ક્યારે પહોંચશે ?


**વધુ ૨૩ પેકેટ શોધી લેવામાં આવ્યા**





ભુજ : કચ્છના દરિયાકાંઠે બિનવારસુ ચરસ શોધવાની એકજન્સીઓ વચ્ચે હાડ જામી હોય તેવો તાલ છે ત્યારે વધુ ૨૩ પેકેટ મળી આવ્યા છે. જેમાં મરીન કમાન્ડોની ટીમ દ્વારા ગઈકાલે સાંજે ૬ વાગ્યાના અરસામાં ભારત સોલ્ટ શિયાળબારી ક્રીક વિસ્તારમાંથી ચરસ ભરેલો કોથળો શોધી લેવામાં આવ્યો હતો. જેમાં ચરસના ૧૦ પેકેટ હતા. જે જખૌ પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. જ્યારે બીએસએફને મેડીક્રીક પાસેથી ૧૦ પેકેટ મળી આવ્યા હતા. તો સુથરીના દરિયા પાસેથી કોઠારા પોલીસને ત્રણ પેકેટ મળી આવ્યા હતા. અત્યાર સુધી કુલ ૩૫૩ પેકેટ મળી આવ્યા છે. જેની કિંમત રૂા.૨૯૭.૫ કરોડ થાય છે. ડ્રગ્સ શોધતી પોલીસ મૂળ સુધી પહોંચવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે જે હકીકત છે.

### લોહાણા મહાજનવાડી ખાતે સમાજ દ્વારા આયુષ્માન કાર્ડનો કેમ્પ યોજાયો



અહીંના લોહાણા મહાજન દ્વારા છલ્લા દસ વર્ષથી વધુના સમયથી સરકારની યોજનાનો લાભ અપાવવા જનસેવા સમિતિ દ્વારા આયુષ્માન કાર્ડ, આધારકાર્ડ, કુંવરબાઈનું મામેરું, રાશનકાર્ડ વગેરે સેવાનો લાભ લોહાણા સમાજની સાથે અન્ય સમાજને મળે તે હેતુથી લોહાણા મહાજનવાડી, વી.ડી. હાઈસ્કૂલ ખાતે કેમ્પ રાખવામાં આવ્યો હતો.જેમાં ૧૫૦ આયુષ્યમાન કાર્ડ, ૭૦ રાશનકાર્ડ, ૪૦ આધારકાર્ડની નોંધણી કરવામાં આવી હતી. આ વેળાએ લોહાણા સમાજના મંત્રી હિતેશભાઈ ઠક્કર, જનસેવા સમિતિના ચેરમેન જયંત ઠક્કર, મહિલાશ્રમના પ્રમુખ હર્ષદભાઈ ઠક્કર,પ્રાણલાલ ઠક્કર, ખ્યાતિબેન ઠક્કર વગેરે સાથે રહ્યા હતા.

## ચિત્રોડમાં પોણા છ લાખની ચોરી કરનારા આરોપીઓ પોલીસ પકડથી દૂર

રાપર : તાલુકાના ચિત્રોડ ગામે પરિવાર આંગણામાં સુતો હતો ત્યારે બારી તોડીને ઘૂસેલા શખ્સોએ ઘરમાંથી ૫.૭૫ લાખની ચોરી કરી હતી. જેમાં પોલીસ આરોપીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

ફરિયાદી ચિત્રોડના ઈન્દ્રાવાસમાં રહેતા દિનેશભાઈ માંડણભાઈ રાઠોડે જણાવ્યું કે, પરિવારના સભ્યો રાતે આંગણામાં સૂતા હતા અને સવારે ઘરમાં જઈને જોતા રૂમની બારી ખુલી હતી અને ગ્રીલ તુટેલી જણાઈ હતી. તપાસ કરતા તીજોરીમાંથી રોકડા રૂા.દોઢ લાખ તેમજ યુવા મંડળીના રોકડા રૂા.૧૭ હજાર, ૧.૨૫ લાખનો સોનાનો હાર, ૧.૨૫ લાખની સોનાની બે ચેઈન, એક લાખની સોનાની ૧૦ વીટી, ૩૬ હજારના ચાંદીના ઝાંઝરા, ૧૮ હજારનો ચાંદીનો જુડો, ચાંદીનો મંગળસૂત્ર, બંગડી મળી કુલ ૫,૭૫,૮૦૦ની માલમત્તા ઉઠાવી ગયા હતા. રાત્રે સાડા બારથી મોડી રાતે ત્રણ વાગ્યા દરમિયાન આ ચોરી થઈ હતી. જેથી ગાગોદર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# રાપરમાં પોલીસ કર્મીઓને નવા કાયદા અંતર્ગત તાલીમ શિબિર યોજાઈ



રાપર : આગામી જુલાઇ મહિનાથી અમલમાં આવનારા નવા ભારતીય ન્યાય સંહિતા અંતર્ગત રાપર તાલુકાના રાપર, બાલાસર, ગાગોદર, ખડીર, આડેસરમાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારીઓને બોર્ડર રેન્જ આઈજી અને એસપીની સુચનાથી રાપર માલી સમાજવાડી ખાતે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ શિબિર દરમ્યાન રાપર પીઆઈ જે.બી. બુબડીયા, ગાગોદર પીએસઆઈ વી.પી. ડાંગર, ખડીર પીએસઆઇ ડી.જી પટેલ, બાલાસર પીએસઆઇ વી.એ. ઝા, આડેસર પીએસઆઈ બી.જી. રાવલ સહિતના અધિકારીઓએ માહિતી આપી હતી. નવા આવનારા કાયદાકીય તપાસ કઈ રીતે કરવી અને કઈ રીતે અમલ કરવો તે અંગે માહિતી આપી હતી.

# સાપેડા, સુગારીયા- મોડસર ગામોની પ્રાંત અધિકારીએ લીધી મુલાકાત







અંજાર પ્રાંત અધિકારી સુનિલભાઈ, અંજાર મામલતદાર આર.આર. માતા, કચેરીના સ્ટાફ દ્વારા અંજાર તાલુકાના સુગારીયા, સાપેડા તથા મોડસર ગામોની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન લોકોની રજુઆતો સાંભળવામાં આવી હતી. ગામ લોકો દ્વારા કરવામાં આવેલી રજુઆતો સબંધિત લાઈન ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી પૂર્ણ કરવામાં આવશે તેવું પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું.

# શિકારપુરમાં વીજ લાઈનનું કામ બંધ કરાવનારા ગ્રામજનો સામે ફોજદારી

**હથિયારો સાથે હુમલો કરી કારના કાચ તોડી નખાયા**

ભચાઉ : તાલુકાના શિકારપુર ગામે અમૃતપર સીમમાં પાવર ગ્રીડ કંપનીની ટાવર્સ નં.૧૪બી / ૧ વાળી જમીનમાં વીજ લાઈનનો કામ ચાલુમાં છે. જે અટકાવનારા ગ્રામજનો સામે ફરિયાદ થઈ છે. ફરિયાદી મધ્યપ્રદેશના હાલે હળવદમાં રહેતા નરેન્દ્રસિંહ રાજાવતના જણાવ્યા પ્રમાણે પાવર ગ્રીડ ખાવડા ૨-બી ટ્રાન્સમીશન લિ. તરફથી લાકડિયા ખાતે અદાણીના ૭૬૫ કેવી સબ સ્ટેશનથી અમદાવાદ સુધી ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે ખાડા ખોદવાની કામગીરી ચાલુમાં છે. એ દરમિયાન આરોપીઓએ સરકાર તરફથી નક્કી કરેલા જંત્રી મુજબની રકમ ન સ્વિકારી ખાડા ખોદવાનું કામ બંધ કરાવવા હુમલો કર્યો હતો. ગામના મહમદ હુશેન ત્રાયા, હનીફ હુશેન ત્રાયા, આમીન હુશેન ત્રાયા, રામજી જગા ભુટક તથા તેની સાથેના ૧૫ અજાણ્યા ઈસમોએ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરિયાદી અને સાહેદોને માર મારવા સાથે સ્કોર્પિયો ગાડીમાં કાચ તોડી લાકડીઓ ફટકારી ઘોબા પાડી નુકશાન કર્યું હતું. જેથી સામખિયાળી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# મંદિર નિર્માણથી ટીમ ગંગારામભાઈએ વાલ્મીકી ઋષિતુલ્ય સેવા નિભાવી છે : પુ. હરીદાસજી મહારાજ

## ગાંધીધામ સિંધી ભાનુશાલી મહાજન સરોવરના ઉપક્રમે ચાર દિવસીય મંદિર પુનઃ નવ નિર્માણ મહોત્સવ ભક્તિભાવ ભેર ઉજવાયો

**ગાંધીધામના ભાનુ ભવન ખાતે સિદ્ધિ વિનાયક ગણપતિ મહારાજ, રિદ્ધિ - સિદ્ધિ, પારબ્રહ્મ દેવ મંદિરનું પુનઃ નવનિર્માણ કરાયું : ભગવાન શ્રી કૃષ્ણ, ઓધવરામજી મહારાજ, વાલરામજી મહારાજ, હનુમાનજી મહારાજ અને કાલ ભૈરવની મૂર્તિઓનો પ્રાણ પ્રતિષ્ઠા, ભાવ પ્રતિષ્ઠા અને ચલ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો**

**પૂ. હરિદાસજી મહારાજના વરદ હસ્તે વૈદિક પરંપરા અનુસાર ધાર્મિકવિધિઓ કરાઈ : જબલપુરમાં ભાનુભવનના ઉદ્દઘાટન માટે ચોક્કસ આવવાની મહેચ્છા છે, બસ શર્ત એટલી જ છે કે, સમાજ રત્ન ગંગારામભાઈ ભાનુશાલી પણ પધારે : પૂ. મહારાજશ્રી હરિદાસજીએ પ્રગટ કર્યો હૃદયભાવ**

**ચાર દિવસીય મહોત્સવમાં પૂજન - અર્ચન, જલયાત્રા, ધ્વજારોહણ, પ્રધાનહોમ, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા : સંતો - મહંતો અને મહાનુભાવોનું સિંધી ભાનુશાલી મહાજન સરોવર - ગાંધીધામ દ્વારા પ્રસંગોચિત સન્માન કરાયું : કચ્છ - ગુજરાત સહિત દેશ - દેશાવરથી ભાવિકોનો ઉમટ્યો મહેરામણ : જાણીતા રાજકીય-સામાજિક-વ્યાપારીક આગેવાનોએ પણ ધાર્મિક ઉત્સવનો લીધો લાભ**










































ગાંધીધામ : સનાતન સંસ્કૃતિના જતન માટે મંદિરોના નિર્માણ થયા છે. મંદિર એ માત્ર દેવાલય જ નહિં પરંતુ પરમ શક્તિના સાક્ષાત્કાર અને ચૈતન્યની અનુભૂતિ કરાવતું કેન્દ્ર છે. તેવી લાગણી સંતો - મહંતોએ ગાંધીધામના ભાનુ ભવન ખાતે ચાર દિવસીય ધર્મોત્સવ અંતર્ગત આયોજીત સમારોહમાં આશિર્વચન પાઠવતાં વ્યક્ત કરી હતી.

ગાંધીધામ સિંધી ભાનુશાલી મહાજન સરોવરના ઉપક્રમે ગણપતિ, રિદ્ધિ - સિદધિ અને પારબ્રહ્મ દેવ મંદિરનું પુનઃ નવ નિર્માણ કરાયું છે. આ ઉપરાંત મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન ઓધવરામ, ભગવાન વાલરામ, હનુમાનજી મહારાજ અને કાલ ભૈરવની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા, ભાવ પ્રતિષ્ઠા અને ચલ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું હતું.કચ્છી સંત પ.પૂ. હરિદાસજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે વૈદિક પરંપરા અનુસાર વિધિવિધાન સાથે મહોત્સવ ઉજવાયો હતો. ગાંધીધામ સિંધી ભાનુશાલી મહાજનના પ્રમુખ ગંગારામભાઈ એલ. ભાનુશાલીના માર્ગદર્શન હેઠળ સેક્રેટરી દિપકભાઈ એ. ગંગલાણી અને મહાજન સરોવર ટ્રસ્ટની સમગ્ર ટીમની જહેમતથી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો.

આ પાવન અવસર પર પ્રેરણાદાયી ઉપસ્થિતી આપનાર ગુરૂવર્ય પુ. શ્રી હરીદાસજી મહારાજે મહારાજશ્રી સદગુરૂ ભગવાનની સ્તુતીથી પોતાનું આર્શીવચન બોધ આપતા કહ્યુ હતુ કે, ઉત્કર્ષ સર્વાગીણ હોવો જોઈએ. ગંગારામભાઈ સમાજ કા સર્વાંગીણ વિકાસ-ઉત્કર્સ આપકે નેતૃત્વમાં હોતા દીખ રહા હે. મહારાજશ્રીએ કહ્યુ કે, મંદિર માટે ભગવાન એધવરામ તથા વાલરામ ભગવાનના શુદ્ધ સંકલ્પ, ઈશ્વ તથા સત્ય સંકલ્પ ઈશ્વરરૂપ હોય છે. પુ. હરીદાસજી મહારાજે કહ્યુ કે, જેવુ કરશુ તેવુ ભરીશું. સારા કર્મોના ફળ સારા જ મળે છે. મહારાજશ્રીએ તેમની આગવી શૈલીમાં ભારત રત્ન કોકીલ કંઠી લત્તા મંગેશકરના ઈન્ટરવ્યુને યાદ કરતા કહ્યુ હતુ કે, તેઓએ તેમના અંતિમ દીવસોમાં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યુ હતુ કે, સૌથી વધુ ગીતો મે ગાયા છે, મને ભારત રત્ન મળેલ છે, છતા પણ હું આજે હોસ્પિટલમાં છ બાય ત્રણના બેડ પર પથારીવશ છુ. આ ઉદાહરણ ટાંકીને મહારાજશ્રીએ કહ્યુ કે, સારૂ કર્મ આપણે સૌ કરીએ તો ચોકકસથી તેના ફળ મીઠા જ મળશે. ગાંધીધામમાં પણ આજે મંદીર નિર્માણ કરીને ગંગારામભાઈ ભાનુશાલીએ અને તેમની ટીમએ વાલ્મીકી ઋષિતુલ્ય સેવા કરી છે. મહારાજશ્રીએ આ તબક્કે કહ્યુ હતુ કે સદગુરૂ ભગવાનના શ્રી ચરણોમાં ખુદના સ્વને-આત્માને નતમસ્તક રીએ. અત્યાર સુધીમાં દેશમાં ૨૨ ઓધવધામ બની ગયા છે અને ૫૨ બનવાનો લક્ષ્યાંક છે. મહારાજશ્રી દ્વરા જામનગરમાં પણ ૫૪માં ભાનુશાલી ભાનુભવન બનાવેલ છે.કરોડોના ખર્ચે અદ્યતન વાડીનું નિર્માણ થવા પામી ગયુ છે હવે ૧૭૧ ફલેટ બનાવવાની

**અનુસંધાન પાના નં.૭ પર**

# પાના નં. ૬થી ચાલુ.... મંદિર નિર્માણથી ટીમ.....













યોજના છે. મહારાજશ્રીએ કહ્યુ કે, આપણે શું ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરીશુ બલ્કે બાલકૃષ્ણ ઓધવરામ, વાલરામ ભગવાન શ્રી સિદ્ધી વિનાયક મંદીર થકી આપણા સમાજનો કેટલો બધો ઉત્કર્ષ થવા પામી ગયો છે, અને તેથી જ આ સર્વાંગી વિકાસ તો આપણા પ્રાણોમાં નસનસમાં રહેલો છે. ૪૨ ડીગ્રી તપતપતા તાપમાં પણ મંદીર પ્રાણ પ્રતિષ્ઠામાં ઉપસ્થિતી સર્વે સમાજના ગુણીજનોની પણ આ તબક્કે મહારાજશ્રીએ નોધ લઈ અને કહ્યુ હતુ કે, આ ધાર્મિક ઉત્સવમાં આપ સૌ પણ અંગ દઝાડતી ગરમીમાં ઉપસ્થિત રહ્યા છો, આપના તપ અને ધાર્મિક આસ્થાને પણ વંદન કરવા જ ઘટે. અંતમાં મહારાજશ્રીએ આગામી દીવસામાં જબલપર ખાતે ભાનુભવનના ઉદઘાટન માટે પધારવાની હામી ભરી હતી પરંતુ સાથોસાથ જ હળવી શૈલીમાં કહ્યુ હતુ કે, તે કાર્યક્રમમાં હુ તો જ આવુ કે , ગંગારામભાઈ ભાનુશાલી પણ તેમાં પ્રેરક ઉપસ્થિતી આપે. મહારાજશ્રીના આર્શીવચન અને બોધનો સર્વે ઉપસ્થિતી ગુણીજનોએ લાભ લીધો હતો.

આ પહેલા તા. ૮-૬ગત શનિવારના મંગલ પ્રભાતે સિદ્ધિ વિનાયક ગણપતિ, રિદ્ધિ સિદ્ધિની મૂર્તિઓના ઉસ્થાપન સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે સાંજના સત્રમાં પારબ્રહ્મ દેવ દાદાની બુકી, પારબ્રહ્મ દેવ મંદિરની છડી સાહેબનું ઉસ્થાપન કરાયું હતું. રવિવારના તા. ૯-૬ના સાંજે દાદાના જશ મંદીરનો સત્સંગ મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. જે બાદ રાત્રે દેહશુદ્ધિ, દશવિધિ સ્નાન, દેવ મૂર્તિઓના અનાધિવાસ, શયનવિધિના કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવના તૃતિય દિવસે તા. ૧૦-૬ના સવારે ગણપતિ પૂજન, દિપ પ્રાગટય, મંડપ પ્રવેશ, દેવપૂજન અને ભવ્ય જલયાત્રા (નગર પ્રદક્ષિણા)નું આયોજન કરાયું હતું. વાજતે ગાજતે નિકળેલી જલયાત્રામાં ભાવિક ભક્તોનો મહેરામણ ઉમટયો હતો. કચ્છ - ગુજરાત સહિત દેશ - દેશાવરના સિંધી ભાનુશાલી સમાજના લોકો સહપરિવાર જલયાત્રામાં જોડાયા હતા. જલયાત્રા બાદ બપોરે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેનો બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. ૧૦/૬ના મહાપ્રસાદ બાદ આનંદના ગરબાની રમઝટમાં ગાંધીધામ શ્રી સીંધી ભાનુશાલી મહાજન સરોવરની મહીલા પાંખ દ્વારા બહોળી સંખ્યામાં હાજરી આપી આનંદ ઉજવવામાં આવ્યો હતો. રાત્રે પ્રસાદ બાદ રાસ ગરબા-સંગીત સંધ્યા સુનિલ લખવાણીના સાનિધ્યમાં નામાંકિત કલાકારો, લોક સાધકોએ શક્તિ સાઉન્ડના સથવારે ભક્તિ સંગીતની રંગતઆનંદ અને ઉલ્લાસથી ઉજવાવમા આવ્યો હતો.તનમય તત્વ તારણ ચતુર્થ દિવસે મંગળ પ્રભાતે શુભમુહૂર્તમાં સ્થાપિત દેવતાઓનું પૂજન, મૂર્તિ ન્યાસ, પ્રધાન હોત, મૂર્તિઓની પ્રાણઃ પ્રતિષ્ઠા, ભાવ પ્રતિષ્ઠા અને ચલ પ્રતિષ્ઠા કરાઈ હતી. વૈદિક મંગલ મંત્રોચ્ચારથી ભાનુ ભવનનું સમગ્ર પરિસર ધર્મમય બન્યું હતું. ધ્વજારોહણ, શિખર પૂજન, વસ્ત્રાભિધામ બાદ બપોરે શ્રીફળ હોમ અને મહાઆરતીનું આયોજન કરાયું હતું. બપોરે મહાપ્રસાદનો લાભ મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો હતો. મહોત્સવના આયોજક ગાંધીધામ સિંધી ભાનુશાલી મહાજન સરોવર ટ્રસ્ટના ઉપક્રમે સંતો - મહંતો અને મહાનુભાવોના સ્વાગત અને સન્માન સમારોહનું આયોજન કરાયું હતું, જેમાં દેશ - દેશાવરના સંતો - મહંતોએ સમાજને આશિર્વચન પાઠવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનું પ્રસંગોચિત સન્માન સિંધી ભાનુશાલી મહાજન સરોવર ટ્રસ્ટના હોદેદારોના હસ્તે કરાયું હતું.

આ મહોત્સવમાંતા. ૧૧મી જુનના રોજ ૧૧:૩૦ કલાકે આ મહોત્સવમાં ગુરૂ મહારાજ પુ. શ્રી હરીદાસજી મહારાજ, મહંતશ્રી દીપુદાદા-ધ્રંગ, મહંતશ્રીદયારામ દાદા લોડાઈ, મહંતશ્રી ત્રીકમદાસજી મહારાજ-સચ્ચીદાનંદ મંદિર અંજાર, આચાર્ય અજયપ્રસાદ શાસ્ત્રીજી ભાગવતઆચાર્ય ગામ લલીયાણા, જુનાગઢથી પુ. રાજુદાદા, પંચમુખી મંદિર મહંતશ્રી પ્રકાશ આનંદ, સાંઈ દર્શનલાલ ઉદાશી તુલસીધામ, ડો. નીમાબેન અચાર્ય, ધવલભાઈ આચાર્ય, લાયન્સ કલબના શ્રી ધીરેનભાઈ મહેતા, સુબેદાર મેજર કુલવંસિહ, કચ્છ બોર્ડર રેન્જ આઈજીપીશ્રી ચિરાગ કોરડીયા, ગાંધીધામ નગરપાલીકા પ્રમુખ તેજસભાઈ શેઠ, માલારા મહાદેવર પુજારીશ્રી, ડો. ભાવેશભાઈ આચાર્ય, દીવ્યાબેન નાથાણી, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના મહેશભાઈ પુંજ, મહેશભાઈ તીર્થાણી, મહાદેવભાઈ રાજાણી,વી સીન્ધીના રાજુભાઈ ચંદનાનણી, લાલસાંઈ મંદિર મણીભાઈ, ડો.વિ રાજાણી, સ્ટર્લીંગ હોસ્પિટલ ગાંધીધામ ગોપાલભાઈ આહીર ટીમ, હિન્દુ યુવા સંગઠન અંજાર, રમેશભાઈ મહેશ્વરી, મોહનભાઈ ધારશી, ગંગારામભાઈ અનમ, ગીતાબેન ગણાત્રા, કાઉન્સીલર ચંદ્રીકાબેન દાફડા, કારોબારી ચેરમેન એ.કે. સિગ, ભરતભાઈ મીરાણી, કમલભાઈ શર્મા, કમલેશભાઈ નારીભાઈ પરીયાણી, આદીપુર મહાજન પ્રમુખ રમેશભાઈ નાથાણી, અમદાવાદ પ્રમુખ રમેશભાઈ કિષ્નાણી, ઓધવરામ પરીવાર અને હરીઓમ પરીવારથી શ્રી તુલસીભાઈ ભાનુશાલી મુંબઈ, દેવજીભાઈ ભાનુશાલી, ભાવેશભાઈ નદા, રાજકોટ, દીપકભાઈ ભાનુશાલી, જામગનર વસઈ આદિપુરથી પ્રમુખ નીલેશભાઈ પ્રહલાદભાઈ ભાનુશાલી, નવીનભાઈ ભાનુશાલી, વિનુભાઈ ભાનુશાલી, દીપકભાઈ ચાંદ્રા, રમેશભાઈ કટારમલ,નીલેશભાઈ કટારમલ, ગાંધીધામથી વસંતભાઈ ભાનુશાલી, પરસોત્તમ ભાનુશાલી, ડો.દીનેશભાઈ ભાનુશાલી, જયેશ ભનુશાલી, જયેશભાઈ ચાંદ્રા વગેરે મહેમાનોની વગેરેએ ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ મંત્રીશ્રી દીપકભાઈ ગંગવાણી દ્વારા પ્રાસંગીક પ્રવચન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ મહેમાનોનુ સ્વાગત શાલ અને બુકેથી કરાવમા આવેલ હતુ. તે પછી મંચસ્થ મહેમાનોમાથી દયારામ દાદા દ્વારા ભારતીય સંસ્કૃતિ વિશે સનાતન ધર્મ વિશે સમજ આપવામા આવી હતી. ત્રીકમદાસજી મહારાજ દ્વારા નંદીશાળા કર્મશીલતા વિશે બોધ આપ્યો હતો. ડો.નીમાબેન આચાર્ય દ્વારા પહેલી વખત એમએલએ બન્યા તેની યાદગીરીઓ-સ્મૃતીઓ વર્ણવી હતી.શ્રી ધીરેન મહેતાએ થેલેસેમીયા વિશે વાત કરી હતી. આચાર્ય પ્રકાશ આનંદ દ્વારા હિન્દુ સંસ્કૃતી વિશેષ સમજણ આપવામાં આવી હતી. આચાર્ય અજયપ્રસાદ મહારાજ દ્વારા શિવકથાનું આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી સીંધી ભાનુશાલી મહાજન સરોવર, મહીલા મંડળ, યુવા ટીમ, તથા ગણપતિ કમિટી શ્રી માધવદાસ ભીમાણ દામા દ્વારા સિદ્ધી વિનાયક મંદીરની તમામ કામગીરી કરવામા આવી હતી.સાથે ગીરીશભાઈ ગોરી, જીતુભાઈ નાખવા, દીપકભાઈ ભદ્રા,પ્રકાશભાઈ ચાંદ્રા, નિર્ભય ભકકડ, લક્ષ્મણ નાખવા, સોનુભાઈ મંગે, ગણપતી હવનની તમામ જવાબદારી દીલીપભાઈ ભદ્રા, વિનોદભાઈ ભદ્રા, કીશોર ભદ્રા, પ્રદીપભાઈ મુરજાણી, કનુભાઈ દામા, સતીશભાઈ કટારમલ, ભાવેશભાઈ અમલ, સંજયભાઈ મંગે સુનિલભાઈ કટારમલ, સુનીલભાઈ દયારામાણી, આરજી મનુભાઈ નંદા, કાજલ ઘનશ્યામ મંગે, વિનોદભાઈ મેઘાણી તથા મેહુલભાઈ ચાદ્રા, દીપકભાઈ કલાચંદાણી, જીતેન પંજવાણી, હર્ષ પંજવાણી, સંજયભાઈ ભદ્રા, ખેમચંદ મંગે, વિનિત ગંગનાણી, જતીન ગંગલાણી, ચિરાગ નાથાણી, નીરજ ભદ્રા, રાજેશ ટેકચંદાણી, અંબુભાઈ કટારમલ, કપીલ નાથાણી, પ્રેમ ભદ્રા, મુકેશ પંજવાણી, દીપકભાઇ ભીમાણી, દીપેશભાઇ ભીમાણી, અંજુભાઇ મંગે, અજુભાઇ નાખવા, ગૌરવ ભાનુશાલી, હીતેશ કટારમલ, ધવલ મીઠવાણી, ભારતી નાખ્વા, તુલસી ચાંદ્રા, નયના પંજવાની, ભારતી મુરજાની, માયા તેજવાણી, તારા ભદ્રા, ચિત્રા ગગલાની, કવિતા ભીમાણી, નીતુ મંગે , કલ્પના ચંદ્ર, ગાયત્રી કટારમલ, વર્ષા નંદા, રેખા નંદા, રેખા કટારમલ,રાધી ભાનુશાલી,અનુ નાખ્વા,સીતા પંજવાણી,ગીતા પંજવાણી,તારા હંજાડા, પુષ્પા મંગે, નીલમ મંગે, સોના મંગે,અનુ ખાણીયા, રીટા તેજવાણી, , હંસા ભાનુશાલી સહીતનાઓ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

## બિનવારસુ ડ્રગ્સના પેકેટસ ઝડપાતી વેળાએ સુચક સવાલ



# કચ્છનો કાંઠાળપટ્ટો જ નશાની ખેપ માટે કેમ સોફ્ટટાર્ગેટ ?

**પાછલા એક પખવાડીયામાં ડ્રગ્સના ૨૫૦ જેટલા પેકેટસ થયા બરામદ : આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ૨૫૦ કરોડની કિંમતના બિનવારસુ પેકેટસ મુકી જાય છે કોણ? : કેમ ત્યા સુધી એક પણ એજન્સી પહોચી શકતી નથી?**

**કચ્છમાં પાછલા એક જ પખવાડીયામાં ૭૦ કરોડથી વધુનું બિનવારસુ ડ્રગ્સ-ચરસ મળવા પામ્યુ છે, તે પહેલા ૧૩૦ કરોડનું કોકેઈન ખારીરોહર આસપાસથી બિનવારસુ પકડાયુ : બહારની એજન્સીઓ ત્રાટકી જાય છે, એટીએસ કેસો કરી રહી છે, ત્યારે સ્થાનિક એજન્સીઓ સફાઈ જાગીને આબરૂ સાચવાવના ખેલ તો નથી પાડી રહી ને? કારણ કે, બિનવારસુ ચરસના પેકેટસ મળવા સર્જી જાય છે અનેક સવાલો**

**માંડવીથી ઝડપાયેલા અલી અસગરથી** એજન્સીઓ કેમ ન ઓકાવે! ડ્રગ્સ રેકેટમાં કચ્છ-ગુજરાતના જ દરીયાકિનારાનો કેમ ઉપયોગ ? **હૈદર** જેવાઓના પણ સાત દીવસના રીમાન્ડ પૂર્ણ થઈ ગયા બાદ પણ કોઈ જ મોટા ખુલાસા ન થવા સર્જી જાય છે અનેક તર્કવિતર્કો

**આ ડ્રગ્સ દરિયામાં ઉગતુ નથી આ ડ્રગ્સ દરિયામાં ઠાલવવામાં આવી રહયું છે તો આની પાછળ છે કોણ ? કચ્છમાં આટલી બધી એજન્સીઓ છે તે શું મંજીરા વગાડે છે ? તો જાગો - ચીંતા કરો આ યુવાનોનું સત્યાનાસ કરવા માંગે છે**

## કચ્છમાં કોકેઈન પકડાય છે, રેવ પાર્ટીઓ નહીં.?

**કોકેનઈ ખુબજ મોંઘુ ડ્રગ્સ મનાય છે, પાર્ટી ડ્રગ્સ તરીકે ઓળખાય છે : કચ્છમાં આવું મોંઘું ડ્રગ્સ લઈને પાર્ટી કરનારા લોકો કોણ છે, કેમ પોલીસ શોધી શકતી નથી**

ગાંધીધામ : ગુજરાત પોલીસે કચ્છમાંથી હમણાં પાછું ૧૩૦ કરોડનું કોકેઈન પકડયું. ઝાડીઓમાં છૂપાયેલા આ ૧૩ પેકેટ કોકેઈનનો માલિક કોણ તેની તપાસ ચાલી રહી છે પણ આટલા મોટા પ્રમાણમાં કોકેઈન કોના માટે આવે છે એ મુદ્દો પાછો ચર્ચામાં છે. કચ્છમાંથી છેલ્લા નવ મહિનામાં લગભગ હજાર કરોડ રૂપિયાનું કોકેઈન પકડાયું છે. તેમાંથી ૮૦૦ કરોડનું ૮૦ કિલો કોકેઈન તો ૨૦૨૩ના સપ્ટેબરમાં મીઠીરોહર પાસેથી જ ઝડપાયેલું. કોકેઈન પાર્ટી ડ્રગ્સ મનાય છે અને બહુ મોંઘું પણ છે. લોકોમાં ચર્ચા છે કે, ગુજરાતમાં કે કચ્છમાં આવું મોંઘું ડ્રગ્સ લઈને પાર્ટી કરનારા લોકો કોણ છે એ તો કમ સે કમ પોલીસે શોધવું જ જોઈએ પણ હજુ સુધી કચ્છમાં પોલીસ આવી કોઈ રેવ પાર્ટી પકડી શકી નથી.

ગાંધીધામ : દેશનો દરિયા કિનારો ૭૫૧૭ કિ.મી લાંબો છે. જેમાં પણ ગુજરાત પાસે ૧૬૪૦ કિ.મી લાંબો દરિયા કિનારો છે. કિનારા પર ૧૪૪થી વધુ નાના-મોટા ટાપુ છે, સાથો સાથ પાકિસ્તાની દરિયાઇ સરહદ નજીક છે. ડ્રગ્સની હેરફેર પાકિસ્તાન અને ઈરાન કરે છે. પાકિસ્તાનનું કરાચી બંદર અને ઈરાનના ચાબહાર બંદરની ભૂમિકા મુખ્ય રહે છે. ભૌગોલિક રીતે ગુજરાતનો દરિયાકિનારો નજીક છે અને ગુજરાતનો ઉપયોગ અવર-જવર માટે કરવામાં આવે છે. ડ્રગ હેન્ડલર્સને અન્ય દેશની સીમામાં પહોંચાડવા પ્રયાસ કરે છે તેમજ ગુજરાતથી મુંબઇ સહિત દેશના અનેક રાજ્યમાં મોકલવામાં આવે છે. ડ્રગ્સ ગુજરાતમાં પણ ધનિકવર્ગમાં ડ્રગ્સની ખરીદીનું પ્રમાણ વધ્યું છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવા શહેરોમાં સ્ઠ ડ્રગ્સ અનેક વાર પકડાયું છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગે ડ્રગ્સનું કન્સાઇનમેન્ટ પકડાય છે. જેમાં દ્વારકા, પોરબંદર, ગીરસોમનાથથી અનેક વાર ડ્રગ્સ ઝડપાયું છે.

હાલમાં જ એજન્સીને કચ્છના માંડવીમાથી દેશનો સૌથી મોટો ડ્રગ્સ પેડલર હૈદર મળી જવા પામ્યો છે અને તેની ધરપકડ પણ કરી લેવાઈ હતી. તેના સાત દીવસનારીમાન્ડ પણ મંજુર કરાયા હતા. આ હૈદરના જો કડક પુછાણા લેવાયા હોત તો કચ્છ ઉપરાંત ઠેરઠેર હૈદરના આક્કાઓ-સાગરીતો સલગ્ન મોટા ખુલાસા થવા પામી ગયા હતા પરંતુ આવા કોઈ જ મોટા ખુલાસા તેની અટક બાદ સામે આવ્યા નથી.

એક તરફ દેશ ભરમાં ચૂંટણીનો માહોલ છે અને બીજી તરફ રાજ્યમાં અને સરહદ પર સુરક્ષા વધારાઈ છે ત્યારે રાજ્યમાં દિવસેને દિવસે ડ્રગ્સ પકડાવાની ઘટનાઓ સામે આવી રહી છે.ત્યારે તાજેતરમાં અરબી સમુદ્રમાં સળંગ ત્રીજા દિવસે ૬૦ કરોડની કિંમતનું ૧૭૩ કિલો ડ્રગ્સ ઝડપાયું છે. આ સાથે પોરબંદર નજીક દરિયા કિનારેથી કોસ્ટગાર્ડ, NCB અને ATSને મળેલા ઈનપુટના આધારે અરબી સમુદ્રમાંથી ડ્રગ્સનો ૬૦૦ કરોડનું ૮૬ કિલો હેરોઈન ડ્રગ્સ ઝડપાયું છે.આ ઉપરાંત સુરેન્દ્રનગરમાંથી SOGએ ૮૬ હજારની કિંમતના MD ડ્રગ્સ સાથે મહિલાને ઝડપી છે. તો ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સ બનાવતી ફેક્ટરીને ગુજરાત ATS અને NCBએ ઝડપી પાડી છે. આ વાત તો ફક્ત બે દિવસની કરી છે પરંતુ છેલ્લા બે વર્ષનો ડ્રગ્સ પકડવાનો આંકડો જોઈએ તો અંચબિત થઈ જવાય તેમ છે.ગુજરાતમાં કેટલું ડ્રગ્સ આવ્યું? ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫ હજાર ૩૮૮ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૧૨ કેસ નોંધાયા હતા, જેમાં દ્વારકામાંથી બે વર્ષમાં ૧ લાખ ૭૬ હજારનું સ્ઠ ડ્રગ્સ ઝડપ ાયું તો વડોદરામાં ૫૬ લાખ ૩૨ હજારનું સ્ઠ ડ્રગ્સ જપ્ત કરાયો છે. વડોદરા ગ્રામ્યમાંથી ૨૫ લાખ ૩૭ હજારથી વધુનું MD ડ્રગ્સ જપ્ત કરાયો છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં મુન્દ્રાપોર્ટ પરથી ૨૯૮૮ કિલો હેરોઇન જપ્ત કરાયું છે. ૨૯૮૮ કિલો હેરોઇનની બજાર કિમંત ૨૧ હજાર કરોડ હતી. આંકડાઓની ચકાસણી કરવામા આવશે અને તેની મુલવણી થશે તો પણ ખબર પડશે કે ગુજરાત અને ખાસ કરીને કચ્છમાં દરીયાઈ વિસ્તારોમાં જે મોટા પ્રમાણમં ડ્રગ્સ પકડાયો છે તેમાં મોટ ભાગે એટીએસને જ બાતમીઓ મળતી રહી છે. તો પછી દરીયાઈ ક્ષેત્રમાં તૈનાત અન્ય એજન્સીઓ કેમ સુસ્ત છે? તે પણ અહી સવાલ બની રહયો છે. હાલમાં જે કાર્યવાહી થઈ છે તે એનસીબી અને એટીએસ દ્વારા કાર્યવાહી કરવામા આવી રહી છે, બાકી એજન્સીઓના અહંમના ટકરાવનો ગેરલાભ પણ અમુક ડ્રગ્સ પેડલર અથવા તો સોર્સ ઉઠાવી જતા હોય તેમ પણ બની શકે છે. મુખ્યત્વે એનસીબી, એટીએસ અને કોસ્ટગાડ જેવી એજન્સીઓ ડ્રગ્સ પકડી રહી છે. ઈરાન-પાકીસ્તાન અને અફઘાનિસ્તાનની ડ્રગ્સની હેરફેરમાં મોટી ભુમિકા હોવાનુ મનાય છે. એટલુ માત્ર જ નહી મ્યાનમાર, થાઈલેન્ડ, લઆખોસ જેવા દેશોમાં ડ્રગ્સ બનાવવામાં આવી રહ્યો છે. જો કે અહીં નોંધવુ ઘટે કે, સુરક્ષા એજન્સીઓ પહેલાના પ્રમાણમાં વધુ સતર્ક છે જ્યારે અનેક વખત પેટ્રોલિંગના ડરથી ડ્રગ્સ ફેંકી દે છે અને જેના કારણે દરિયાકિનારેથી અનેક વખત પેકેટ મળ્યા છે. જે હાલમાં પણ બિનવારસુ ડ્રગ્સના પેકેટસ મળવાનો મોટો સિલસિલો સામે આવવા પામી જ રહ્યો છે. ત્યારે અહી સવાલ એ થાય છે કે, કચ્છનો જ દરીયો કેમ સોફટતાર્ગેટ બની રહ્યો છે નશાના કારોબારની હેરફેર માટે.

## ગોલ્ડન ક્રેસન્ટ શું છે?

ગાંધીધામ : ગોલ્ડન ક્રેસન્ટ એટલે સોનેરી અર્ધચંદ્ર. પાકિસ્તાન, અફઘાનિસ્તા અને ઈરાન આ ૩ દેશોમાં ડ્રગ્સનું ઉત્પાદન થાય છે. આ ભાન નકશા પર મળીને એક આકૃતિ તૈયાર કરે છે. આ આકૃતિ અર્ધ ચંદ્ર જેવી થાય છે તેથી ગોલ્ડન ક્રેસન્ટ કહેવાય. ક્રેસન્ટ પહેલા આ ઈજારો ગોલ્ડન ટ્રાયેન્ગલ પાસે હતો. ભારતના પૂર્વોત્તરમાં મ્યાનમાર, થાઈલેન્ડ અને લાઓસ મળીને બનાવે છે. દુનિયાભર માટે હેરોઈન અહીં બને છે. ગોલ્ડન ક્રેસન્ટમાં બનતા ડ્રગ્સની ટ્રાન્સપોર્ટની જવાબદારી પાકિસ્તાન-ઈરાનની છે.

## કચ્છ કાંઠે બધુ બરાબર નથી..!

**કરોડોના હેરોઈન-ડ્રગ્સ બાદ ઘુસપેઠીયો પણ પકડાયો : પ્રબુડી કાંઠે શંકાસ્પદ શેલ મળી આવ્યો**

ગાંધીધામ : પાકીસ્તાનની સરહદને અડીને આવેલ કચ્છ જિલ્લાની દરીયાઈ કાંઠાળ નીર્જન વિસ્તાર અને સરહદમાં બધુ જ બરાબર ન હોય તેવો ચિત્તાર સામે આવી રહ્ય છે. એજન્સીઓની સતર્કતા સાથે પાછલા એક પખવાડીયામાં અહીથી ૨૫૦ કરોડની કિમંત ધરાવતો હેરોઈન અને ડ્રગ્સનો જથ્થો બરામદ થવા પામી ગયો છે તો વળી ગઈકાલે કાંટાળી વાડ ફેન્સીંગ આસપાસમાં પાકીસ્તાની ઘુસપેઠીયો મળી આવવા પામ્યો છે. તો વળી ઘ્રબુડીના દરીયા કિનારા પાસે એક દિશાસુચક સેલ પણ મળી આવ્યો છે. કચ્છ કાંઠે એજન્સીઓએ ગાફેલ ન રહે અને આવા કડીબદ્ધ બની રહેલા ઘટનાક્રમોની જીણવટભરી તપાસ કરે તે જરૂરી બની રહ્યું છે.

## સરહદી છેવાડાનો વિસ્તાર ઈન્ચાર્જ એસપીના હવાલો.!

**ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ, હવે પશ્ચીમ કચ્છમાં એસપીની ઝડપથી નિયુકિત થવી જરૂરી : સ્થાનિક રાજકીય આગેવાનો પણ આ બાબતે કસે કમર**

ગાંધીધામ : કચ્છ દેશનો સૌથી મોટો ભૌગોલીક વિસ્તાર ધરાવતો વિસ્તાર છે. અહી પોલીસને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યો છે. જેમાં પશ્ચીમ વિસ્તારમાં એક મહત્વપૂણ બંદર ઉપરાંત વિશાળ સરહદ આવેલી છે. આ ભુમી-જળ અને વાયુ સરહદ નાપાક મુલકને અડીને આવેલો વિસ્તાર છે. અતિ સંવેદનશીલ એવા આ વિસ્તાર હાલમાં પોલીસતંત્રની વાત કરીએ તો ઈન્ચાર્જ એસપીના હવાલો ચાલી રહ્યો છે. હવે જયારે પશ્ચીમ ક્ષેત્રમાં ઠેર ઠેર ચરસ ઝડપાવવો, ઘુસણખોર પકડાવવો તથા સેલ મળી આવવાની ઘટનાઓ બની રહી છે તેને સુચક માનવી જોઈએ અને આવા વિસ્તારમાં વેળાસર જ નિયમિત એસપીની નિમણુક આપવામાં આવે તે સમયનો તકાજો બની રહ્યો છે.

## એજન્સીઓને ડ્રગ્સ બિનવારસુ મળે છે, તો સિવિલિયનના હાથે આ માદક પદાર્થો નહી લાગ્યા હોય તેની શું ખાત્રી?

ગાંધીધામ : કચ્છના દરીયાઈ વીસ્તારમાથી સતત પાછલા આઠ દીવસથી અલગ અલગ છેવડાના દરીયાઈ વિસ્તારમાથી તપાઈ આવેલા ડ્રગ્સના પેકેટસ મળવા પામી રહ્યા છે. એકને મુકીને બીજી એજન્સીઓ પોતપોતાના વિસ્તારોમાં આવા ડ્રગ્સના પેકેટસ પકડી રહી છે. આવામાં હવે સવાલ એ થાય છે કે, જો એજન્સીઓને પાછલા આઠ દીવસથી અહી બિનવારસુ અવસ્થામાં અ..ધ...ધ.. કરોડોની કિમતના ડ્રગ્સ હાથે લાગી રહ્યા છે તો પછી દરીયાઈ કિનારે સિવિલયન લોકોના હથ્થે આવા પેકેટસ નહી ચડી ગયા હોય તેની શું ખાત્રી? કચ્છની સરહદ ભુગોળની રીતે પણ ખુબજ વિશાળ છે. દરીયાઈ વિસ્તારમાં ચપ્પેચપ્પામાં પેટ્રોલીંગ કરી લેવુ તે સંભવ બની શકે તેમ નથી. આઠ દીવસમાં ૩૦૦ કરોડથી વધુનો બિનવારસુ ડ્રગ્સ મળ્યો છે, કોણ લાવે છે, કેવી રીતે મુકી જાય છે, કેમ તણાઈ આવે છે? સહિતના પ્રશ્નો હજુય નિરૂત્તર જ રહ્યા છે, ત્યારે આ બાબતે પણ ગંભીરતાથી વિચાર કરવો જ ઘટે.

# કચ્છમાં 3 લાખ ભૂલકાઓને પોલિયોના બે ટીપાં પીવડાવવાની કામગીરીનો આરંભ

**૧૩૮૪ બૂથ પર જીરોથી પાંચ વર્ષના તમામ બાળકોને આવરી લેવાયા : બસ સ્ટેશન, રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળો પર ઉભા કરાયેલા બૂથ પર પ્રતિસાદ જોવા મળ્યો : કાલથી ૬ હજાર આરોગ્ય કર્મીઓ દ્વારા ડોર ટુ ડોર અભિયાન**

ભુજ : બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી બચાવવા માટે રસીકરણ દ્વારા તેને સુરક્ષિત કરવામાં આવે છે. બાળક જન્મતા જ બીસીજીની રસીથી લઈ નૂરબીબી, ઓરી, અછબડા, મગજના તાવ, ન્યૂમોનિયા વગેરેની રસી નેશનલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ અંતર્ગત બાળકોને આપવામાં આવે છે. આ ઝુંબેશમાં પોલિયોથી રક્ષણ આપવા પણ સમયાંતરે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવે છે ત્યારે આજે રવિવારે જિલ્લામાં બાળકોને પોલીયોના બે ટીપાં પીવડાવવાની કામગીરીનો આરંભ થયો છે.

કચ્છ જિલ્લામાં બાળક લકવા નાબૂદી અભિયાન અંતર્ગત ૩ લાખથી વધુ બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવશે. કચ્છની તમામ નગરપાલિકા અને ગ્રામ પંચાયત વિસ્તારોમાં પાંચ વર્ષથી નીચેના બાળકોને રસી આપવા માટે ૧.૩૮૪ બૂથ ઊભા કરવામાં આવ્યા છે. ૬,૦૬૦ કર્મીઓ અને ૭૫ મોબાઈલ ટીમો બનાવવામાં આવી છે. શહેરી અને ગ્રામિણ વિસ્તારમાં વિવિધ બૂથ ઉપરાંત બસ સ્ટેશન, રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળો પર પણ બાળકોને પોલિયોના ડોઝ આપવાનું આયોજન કરાયું છે, જ્યાં આજે વહેલી સવારથી જ પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. ગત ઝુંબેશમાં બૂથ પર જ ૮૫ ટકા બાળકોને આવરી લેવાયા હતા.

## કલેક્ટરે પોતાની દિકરીને પીવડાવ્યા પોલીયોના બે ટીપાં



**કચ્છના પ્રથમ નાગરિક એવા કલેક્ટર અમીત અરોરા અને તેમના પત્ની પીજીવીસીએલના જો.એમડી પ્રીતિ શર્માએ વધુ એક વખત પોતાને કોમનમેન દર્શાવ્યા છે. આજે પોલીયો રવિવારની ઝુંબેશ અંતર્ગત જ્યુબિલી સર્કલ ખાતેના બૂથ પર તેઓ તેમના પત્ની અને દિકરીને લઈને સવારે પહોંચ્યા હતા. જયાં દિકરીને પોલીયોના બે ટીપાં પીવડાવી સુરક્ષા કવચ આપ્યું હતું. સાથે દરેક વાલીઓને અનુરોધ કર્યો હતો કે, તેઓ પણ આજે પોતાના સંતાનને પોલીયોના બે ટીપાં પીવડાવે. આ તકે આરોગ્ય વિભાગના રાજકોટ ઝોનના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી કતિરા, ભુજના ધારાસભ્ય કેસુભાઈ પટેલ, ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડો. જે.એ. ખત્રી, ભુજ તાલુકા આરોગ્ય અધિકારી કેશવકુમારસિંઘ સહિતના હાજર રહ્યા હતા.**

આજે પણ સાંજ સુધીમાં તેટલી સફળતા મળવાનો અંદાજ છે. ઝુંબેશમાં રહી ગયેલા બાળકોને પોલીયોના ટીપાં પીવડાવવા માટે આવતીકાલે સોમ અને મંગળવારે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા કચ્છના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વે કરી ૦થી પાંચ વર્ષનું એકપણ બાળક પોલિયોના ડોઝથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે, જેમાં ૬ હજાર આરોગ્ય કર્મીઓ જોડાશે.

આજે ૨૩ મી જુન એટલે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે એટલે પોલીયો રવિવારના દિવસે સમગ્ર દેશમાં દો બુંદ જીંદગીના અંતર્ગત ૦થી ૫ વર્ષ સુધીના બાળકોને રાપર તાલુકાના નવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બે સીએચસી સહિતના કેન્દ્ર તથા બસ સ્ટેન્ડ, મંદિર, આંગણવાડી કેન્દ્રો તથા અન્ય જાહેર સ્થળ પર કુલ ૨૩૯૬૭ને પોલીયોના ટીપા આપવામાં આવશે.

**અનુસંધાન પાના નં.૫ પર**

## પૂર્વ કચ્છની કંપનીમાં વધુ એકવાર કામદાર સુરક્ષાના ધજાગરા

# ચોપડવાની કંપનીમાં મીઠાના લોડિંગ વખતે પટકાતા યુવાન શ્રમજીવીનું મોત

**ગાંધીધામમાં વૃદ્ધે આપઘાત કર્યો : સુમરાપોરમાં યુવતીએ જીવાદોરી ટુંકાવી**

ભુજ : જિલ્લામાં અપમૃત્યુના બનાવો વધી રહ્યા છે ત્યારે ભચાઉ તાલુકાના ચોપડવાની કંપનીમાં મીઠાના લોડીંગ વખતે પટકાઈ જતા યુવાન શ્રમજીવીનું મોત થયું હતું. આ તરફ ગાંધીધામમાં વૃદ્ધે આપઘાત કર્યો હતો. જ્યારે ભુજના સુમરાપોરમાં યુવતીએ જીવાદોરી ટુંકાવી હતી.

ભચાઉ પોલીસ સ્ટેશનથી જાણવા મળતી વિગતો મુજબ ચોપડવાની ઈન્ડો બ્રાઈડ કંપનીમાં આ બનાવ બન્યો હતો. જાહેર કરનાર મૂળ મધ્યપ્રદેશના હાલે કંપનીમાં રહેતા તુલસીદાસ રાજેશ કોલના જણાવ્યા પ્રમાણે તેઓ છેલ્લા ૯ વર્ષથી આ કંપનીમાં મીઠાની બોરી ઉપાડવાની મજૂરી કરે છે. તેમની સાથે સગા મામા ૩૦ વર્ષિય સુજીતકુમાર ડ્ડુમાન કોલ પણ કામ કરે છે. ગત ૨૧ તારીખે સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં લોડિંગ-અનલોડિંગ ચાલુ હતું. ફરિયાદી પાણી પીવા ગયા એ દરમિયાન મીઠાની બોરી પરથી પટકાતા ધડામ દઈને આવ્યો હતો. જઈને જોતા સુજીતકુમાર મીઠાની બોરીની લોડિંગ કરતી વખતે ઢગલા પરથી પગ સરકી જતા જમીન પર પડ્યા હતા. જેમાં માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે મોત થયું હતું. જેથી ભચાઉ પોલીસમાં એડી દાખલ કરવામાં આવી હતી. મહત્ત્વની બાબત છે કે, કંપની કે ફેક્ટરીમાં કામ કરતા શ્રમજીવીઓને માથા પર હેલ્મેટ સહિતના સેફટીના સાધનો આપવા ફરજિયાત છે. અહીં આવા સાધનો ન હોવાના કારણે ઉપરથી પટકાતા ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર શ્રમજીવીનું મોત થયું હતું. ભચાઉ પોલીસે ટુંક વિગતમાં જાહેર કરનાર પાસેથી એવું લખાવી લીધું કે, આ બનાવમાં કોઈ ગુનાહિત કૃત્ય થયું નથી. આ બનાવ અકસ્માતથી બન્યો છે. ખરેખર પોલીસે તપાસ કરવી જોઈએ કે શ્રમજીવીને સુરક્ષાના સાધનો મળ્યા હતા કે નહીં. આ તો ક્લિનચીટ આપવાની બાબત કહીં શકાય.

દરમિયાન ગાંધીધામમાં ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા મહેશભાઈ નારાયણદાસ મલાની નામના ૬૧ વર્ષિય વૃદ્ધે પોતાના ઘરે પંખામાં દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. જ્યારે ભુજ તાલુકાના સુમરાપોર ગામે ૨૦ વર્ષિય સોફિયાબાઈ સાહેબ સુમરાએ પોતાના ઘરે લાકડાની આડીમાં ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી.

## સાપેડા બાયપાસ પર છોટા હાથી હડફેટે આધેડનું મોત

**મુન્દ્રામાં હિન્દુસ્તાન કંપની પાસે ટ્રેઈલરની ટક્કરે બાડમેરના ક્લિનરનું મોત નિપજ્યું**

ભુજ : જિલ્લામાં હાઈવે માર્ગો પર અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે વધુ બે ઘટના સામે આવી છે.

અંજાર-ભુજ સાપેડા બાયપાસ હાઈવે રોડ પર અકસ્માતનો બનાવ બન્યો હતો. ગત તા.૧૩ જૂનના બનેલી ઘટના અંગે સાપેડામાં રહેતા નવીનભાઈ બાબુભાઈ બરારીયાએ નોંધાવેલી ફરીયાદ પ્રમાણે આરોપી છુટાહાથી નં. જીજે૧૨-એવાય-૩૬૩૭ ના ચાલકે પોતાના કબજાનો વાહન પૂરઝડપે ચલાવી ફરિયાદીની બાઈકમાં અકસ્માત સર્જતા પિતા બાબુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જે અંગે અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનેથી જાણવા મળતી વિગતો મુજબ હટડી અને ભદ્રેશ્વર વચ્ચે હિન્દુસ્તાન કંપની સામે અકસ્માતનો બનાવ બન્યો હતો. ફરિયાદી રાજસ્થાનના બાબુલાલ ખેમારામ જાટના જણાવ્યા પ્રમાણે આરોપી ટ્રક નં.જીજે ૧૨-બીવી-૬૨૫૬ ના ચાલકે પોતાના કબજાની ટ્રક પૂરઝડપે અને બેદરકારીથી ચલાવી ફરિયાદીના કબજાની પીકઅપ ગાડી નં.જીજે૧૨-એયુ-૬૮૫૭ સાથે ભટકાવતા ફરિયાદી સાથે ક્લિનર તરીકે કામ કરતા ફઈના દીકરા બાડમેરના ૨૬ વર્ષિય નવલકિશોર પુરારામ જાટને માથામાં અને હાથના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. અકસ્માત સર્જીને ટ્રેઈલર ચાલક ભાગી ગયો હતો. જેથી મુન્દ્રા મરીન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.